

બીજી આવૃત્તિ

# રાધા

(ગઝલસંગ્રહ)


લેખક

દિવ્યેશ જે. સંઘાણી

# રાધા

(ગઝલસંગ્રહ)

લેખક

## દિવ્યેશ જે. સંઘાણી


પ્રકાશક અને વિક્રેતા

Hr. Divyesh Sanghani

જામનગર

મો. +91 99786 44441

મો. +91 99986 44441

લેખક:

**દિવ્યેશ જયંતિભાઈ સંઘાણી**

પ્લોટ નંબર : ૧૫/બી

3, શાંતિનગર,

જનતા સોસાયટી પાસે,

જામનગર – ૩૬૧ ૦૦૬.

ગુજરાત, ભારત.

ઈ–મેઈલ : info@divyesh.in

વેબસાઈટ : www.divyesh.in

© સર્વ હક્ક લેખકને સ્વાધિન

બીજી આવૃતિ

વિક્રમ સંવત : ૨૦૭૭

ખ્રીસ્તી સંવત : ૨૦૨૦

પ્રકાશક અને વિક્રેતા :

*Hr. Divyesh Sanghani*

પ્લોટ નંબર : ૧૫/બી

3, શાંતિનગર,

જનતા સોસાયટી પાસે,

જામનગર – ૩૬૧ ૦૦૬.

ગુજરાત, ભારત.

ઈ–મેઈલ : info@divyesh.in

વેબસાઈટ : www.divyesh.in

જરૂર કરતા ઓછું બોલવું,

જાહેરાત થી સદા અળગા રહેવું,

કાર્યને માટે કાયા ઘસી નાખવી,

જવાબદારી ને સાંગોપાત ઉતારવી,

અને

કોઇનું પણ કામ કરીને રાજી થવું,

એવી ઇશ્વરીય પ્રકૃતીની જે ભેટ મળી છે,

તે

મારા જીવન આદર્શ

અને

મારા સુખ દુ:ખ ના સાચા સલાહકાર

સ્વ. શ્રી ઓતમબેન ગોપાલભાઇ સંઘાણી

અને

સ્વ. શ્રી ગોપાલભાઇ વસરામભાઇ સંઘાણી

ને

સસ્નેહ

સમર્પણ

# નિવેદન

આમ તો હું સોળ વર્ષની વયે કવિતાની આંગળી પકડીને સાહિત્ય જગતમાં પ્રવેશયો હતો પછી તો વાર્તા, નિબંધ, નવલકથા રસ અને રુચિ પ્રમાણે લખતું રહ્યું. જયારે હું અમદાવાદમાં અનુસ્નાતક અભ્યાસ માટે ગયો ત્યાં મને બ્લોગ લખવા માટેની પ્રેરણા આપી અને મારા મામી એ મને એ બધી કવિતાઓ અને લેખો ને પુસ્તક રુપે પ્રકાશિત કરવા માટે પ્રેરણા આપી. ત્યારે મેં સ્વ પ્રકાશનના ત્રણ પુસ્તકો પ્રકાશીત કર્યા. તેમા પ્રથમ પુસ્તક "હિના", બીજુ પુસ્તક "ધ સીક્રેટ ઓફ થીન્કીંગ" અને ત્રીજુ પુસ્તક "લગ્ન પુરાણ" હતા. પરંતુ કોમ્પુટરનો ડેટા જતો રહેવાથી બધા પુસ્તકો પણ જતાં રહ્યા અને હવે આપણી સમક્ષ ફરી પાછુ એ બધું સાહિત્ય લઇને અહિં આવવાનો અનેરો આનંદ છે.

ઝીણાં ઝીણાં સંવેદનો ગઝલના ઝીલતા જાય અને આપણને ભીતરથી સાવ હળવાંફુલ કરતા જાય સાથે આખું જગત આપણી સાવ નિકટ આવતું જાય અને આપણે અંદરથી ભરેલાં ભરેલાં થઇ જઇએ. સીધા અને સરળ શબ્દોમાં ગઝલ લખી તેને સરસ લય, તાલની ઝાંઝરી પહેરાવી રૂમઝૂમ રૂમઝૂમ કરતી ખુદના મન ને ભાવવિભોર કરતી ને સાથે સાથે શ્રોતાને પણ પ્રેમથી સ્પર્શતી જાય છે. કદાચ એટલે જ કવિ દુનિયાનો સૌથી અમીર અને ભાગ્યશાળી વ્યક્તિ કહેવાય છે કારણ જે પોતાના દિલની લાગણીને પોતાની ભાષામાં લખી અને સામે આપ જેવા શ્રોતાઓને કૃતાર્થ કરે છે. સાતત્યપુર્ણ રીતે કરેલાં મારા કવિકર્મના પરિપાકરૂપે "રાધા – ગઝલસંગ્રહ" આપની સમક્ષ બીજી આવૃતિ પ્રગટ થઇ રહી છે. આશા છે જે મારા ભાવકોને ગમશે.

મારી ગઝલ સાધનામાં હમેંશાના પથદર્શક એવા મારા દાદી સ્વ શ્રી ઓતમબેન, મારા દાદા સ્વ શ્રી ગોપાલભાઇ, મારા પપ્પા શ્રી જયંતિભાઇ, માતા શ્રી હેમલતાબેન, કાકા શ્રી વલ્લભભાઇ, કાકી શ્રી રમીલાબેન અને મારા ચાર ભાઇઓ કૌષિક, કલ્પેશ, નિકેતન અને નિશાંત તેમજ મારો સમ્રગ પરીવાર જે બધા હમેંશા જીવન પથ પર માર્ગદર્શન આપી રહ્યા છે.

પોતાના દિલ ની લાગણીઓ ને ફક્ત પોતાના દિલમાં જ ન રહેવા દેવા અને તે લાગણીઓને શબ્દ નો આકાર આપી અને તેને લખવા માટે પ્રેરણા આપનાર મારા દિલ થી નજીક ખાસ મિત્રનો આભાર માનું છું.

લખેલું બધું પુસ્તકમાં પ્રકાશિત કરવા પ્રેરણા આપનાર મારા મામી શ્રી ભાવનાબેન ચાંગાણી નો આભાર માનું એટલો ઓછો છે.

પોતાની સાથે રમવાના દિવસોમાં થોડો થોડો સમય આપી ફરી આપની સમક્ષ લખી અને રજુ કરવાની પ્રેરણા આપનાર મારા પુત્ર શ્રી શિવેન નો આભાર માંનું એટલો ઓછો છે.

અંતે હમેંશાની પથદર્શક અને હમસફર મારી પત્નિ શ્રી જિંકલ માટે આભાર શબ્દ ટુંકો પડે ને મોટો પણ છતાં પણ તેનો આજીવન આભારી જ રહીશ.

**– દિવ્યેશ જે. સંઘાણી**

# પ્રસ્તાવના

આજે મન સવારથી બેચેન હતું. કામમાં મન લાગતું ન હતું અને તારી યાદ રહી રહી ને આવતી હતી. ઈન્ટરનેટને ખોળે ખાંખા ખોળા કરી તારી ભાળ મેળવવાનો ક્ષુલ્લુક પ્રયાસ પણ કરી જોયો પરંતું ઝાંઝવાની નીરની જેમ તું હાથ ન આવી. તારી કોઈ નીશાની શોધવાનો પ્રયાસ કરી રહ્યો છું પણ આજે સાત–આંઠ વર્ષે કોણ જાણે કેમ મન બ્હાવરું બની ગયું છે તારી ભાળ મેળવવા.

હું વારંવાર જુદા જુદા વિચારોના વહાણમાં બેસી મધદરિયે કોઈ ટાપુ પર જવા પ્રયત્નો કરી રહ્યો છું ત્યારે વર્ષોથી શાંત રહેલો સાગર આજે એકા એક ધુધવતો થઈ ગયો છે અને મને તારી ભાળ મેળવવા વારે વારે કીનારે લઈ જઈ રહ્યો છે.

આજથી આંઠ વર્ષ પહેલા તે મારા કારણે તારા પગે બેડીઓ બાંધી હતી અને તે પણ હસતે મ્હોંએ. હું આજે મારી જાતને દોષિત માનું છું ક્યાંક મારા કારણે તો તું આ દુનિયામાં તારી ઓળખ ખોઈ બેઠી નથીને? કદાચ હું ખોટો પણ હોઉં અને તું તારા દામ્પત્યજીવનમાં એ સર્વ સુખ મેળવતી હોય જે હું ન આપી શક્યો હોત પરંતું તેમ છતાંયે થોડા વર્ષ પહેલાં જે લાગણીઓને હ્રદયના કોઈક અજાણ્યા ખૂણે ધરબી દીધી હતી તે આજે મારા હ્રદયના રકતબીજ સાથે અંકુરીત થઈ રહી છે. આજે નથી મારા સહકર્મી મિત્રો પણ મને બોલાવતા કે નથી કોઈ ફોન આવી રહ્યા આ એક કેવો સમન્વય છે કે મન તારા વિચારોથી દુર થવા માંગે છે પણ દુનિયાસંગે અંતરપણ આજે મારી પાસે ખૂલાસો માંગે છે તને એકલી છોડી હતી તે બાબતનો, અને ઉપરથી લપડાક એવી મારી છે કે કોલેજ કાળના સર્વ મિત્રો પણ આજે જોજનો દુર છે મારાથી.

નથી મારો ધર્મનો માનેલ સહોદર કે જેણે આપણા પ્રેમની વાતને સંવેદનાના નીરમાં નીચોવીને સીગરેટના કશમાં કુંકી મારી હતી અને હું પણ મજબુર છું કે આજે તારી યાદ દુર કરવા કાંઈ પી શકતો નથી. કોની સાથે આજે મારા હ્રદયની વ્યથા વ્હેંચુ? કુદરતે કેવી લપડાક મારી કે તને છોડી હતી આ દુનિયામાં એકલી અટુલી પણ આજે હું બની ગયો એકલો અટુલો. મારી દુનિયામાં હુ દુખી નથી પરંતું હુ એટલો આશ્વસ્થ પણ નથી કે તું સુખી છો અને એજ મારું દુખ છે. ક્યાંક આ લેખ વાંચવા મળી જાય તો એટલું કહું છું કે તારા વાવડ મારા સુધી પહોંચાડજે. ભલે તે તારું ઠેકાણું બદલ્યું પરંતું આજ દિન સુધી હું તો એજ ઠેકાણે રહું છું જ્યાં તુ આવતી હતી.

હજી પણ તારી યાદના વમળો મારા શાંત હ્રદયને વારંવાર બેચેન કરી રહ્યા છે પરંતું હું શું કરું, નથી નફરત કરી શકતો કે નથી તારા તરફ ઢળી શકતો માત્ર અને માત્ર નિશ્ચેતન બની કંઈ ન કરી શકવાનો ડોળ માત્ર કરી રહ્યો છું. હું ચાહું તો તારી ભાળ મેળવવી શક્ય છે પરંતું ત્યારબાદ મારી જાતને કે તારા પ્રેમને સંભાળવાની શક્તિ મારામાં નથી રહી.

આપણો પ્રેમ વિશુધ્ધ છે અને મને ખાત્રી છે કે તારા મનમંદિરના કોઈક ખૂણે તે મારી મૂર્તિ સ્થાપિત કરી હશે પરંતું એટલું યાદ રાખજે કે જો તું રાધા બની વિરહે છે તો મારી જાતને કૃષ્ણ તો ન કહી શકું પરંતું આ કૃષ્ણભક્ત પણ સદાકાળ તારી યાદમાં સતત નિસ્તેજ બની રહ્યો છે અને ભૌતિક સુખોની આંધળી દોડમાં ક્યાંક સમય જતાં બુઝાઈ જશે પરંતું એટલો વિશ્વાસ રાખજે કે મારો માહ્યલો આવતે જન્મ તારી સાથે સપ્તપદીના સાત ફેરા ફરી અંન્ત જન્મ સુધી તારી સાથે રહેશે. ક્યાંક મારાથી પહેલાં આ જગ છોડી ના જતી નહીતર મારી રાધાભક્તિમાં ખોટ વરતાશે. ક્યારેક તો સ્વપનમાં મળજે.

તનથી રુકમિણી અને મનથી રાધા વચ્ચે વહેંચાયેલો કૃષ્ણ ભકત.

ઉપર આલેખાયેલી વ્યથાકથા આજના સમયમાં ઘણા ખરા અનુભવતા હશે અને પોતાના ભૂતકાળને યાદ કરી પોતાના વર્તમાન અને ભવિષ્યનું અનુંસંધાન કરતા હોય છે પરંતું એટલી જ સહજતાથી કે પોતાની પત્નીને આ વાતનો અણસાર શુધ્ધા નથી આવવા દેતા.

જીવન સંધ્યાના અસ્તાચળે આવી ઉભેલા કંઈક વડીલો જ્યારે પોતાના જીવનસાથીને ગુમાવી અથવા તો પરિવારના અન્ય સભ્યોની બીજી પ્રાથમિકતા બની એકલા પડે છે ત્યારે તેઓ અચુક પોતાના જીવનચક્રને વાગોળી પોતાનો સમય વ્યસ્ત કરે છે પરંતું આમ કરતાં તેઓ વધુ દુઃખ અનુભવે છે કારણકે આવા સમયે તેઓને પોતાના બાળસખાઓ કે જીવનસાથી સાથે પસાર કરેલ સુખમય દિવસોની યાદ આવે છે. આજ પીડા મર્યાદા પૂરષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજી તથા પૂર્ણ પૂરષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણે પણ અનુભવી હશે જ. જીવનના અંતિમ ચરણમાં પ્રભુશ્રી રામચંદ્રજીએ જે સીતા માતા માટે ત્રિલોક વિજયી મહાપરાક્રમી રાવણ સામે યુધ્ધ કરી મહાત કર્યો તેવા પોતાના પ્રાણપ્રિય સીતાને એક ધોબીના કટુવચને ત્યાગ કરી જે અન્યાય કર્યો તે પીડા સતત દુઃખી કરતી રહી.

ભલે રાજા રામ અશ્વમેધ યજ્ઞ કરી વિશ્વ સમ્રાટ બન્યા પરંતું પોતાની જીવનસંગીની સીતાએ ધરતીમાતાની ગોદમા સમાઈ પોતાની લીલા સંકેલી આ દુઃખથી પોતે ક્યારેય બહાર ન આવી શક્યા તેઓ પોતાની જીવનસંગીનીને ગુમાવવાના દુઃખ કરતાં તેની સાથે વિતાવેલી ક્ષણોને યાદ કરતાં વધુ દુઃખી થતા અને વર્ષોની કઠોર સામાજીક તપસ્યા કરીને મળેલ રાજપાટ ભોગવવાના બદલે તેને પોતાના ભાઈઓ તથા દિકરાઓને સોંપી સમાધિસ્થ થયા. આ પ્રસંગોને ધાર્મિક કે સામાજિક દ્રષ્ટિકોણથી જુઓતો કદાચ સામાન્ય લાગે પરંતું તે સમયે મર્યાદા પૂરષોત્તમ કહેવાતા રામચંદ્રજીની મનોસ્થિતિને અનુભવવાનો ક્ષણિક પ્રયાસ તો કરી જુઓ તમારી હૃદયસિતારમાંથી પણ શોકમગ્ન સૂર છેડાઈ મસ્તિષ્ક સહિત મનસાગરને વલોવી નાખશે તો રામચંદ્રજીએ કેટલી હદે તે અનુભવી હશે?

વાત હવે આપણા સૌના મહાનાયક અને મારા અંતરમનના સખા એવા પૂર્ણ પૂરષોત્તમ શ્રી કૃષ્ણની. આજના આ કોલાહલમય વાતાવરણ અને ભાગદોડ ભરી જીંદગીમાં વૃંદાવનમાં યમુના કિનારે વાંસળીના સૂર વિસરાઈ રહ્યા છે તો કુરૂક્ષેત્રે પંચજન્ય શંખનો એ નાદ પણ ક્યાંક દબાઈ ગયો છે. આજની આ યુવાન પેઢી રાધાકૃષ્ણની પ્રીતને પોતાના જીવનસાથીને ખૂશ કરવા ટકે છે, કવિઓ પણ પોતાની કવિતામાં રાધાના વિરહની વાતો કરે, કૃષ્ણ ખૂબ સસ્તો કે જ્યારે ને ત્યારે વખાણ કરવા હોય કે ટીકા કરવી હોય ત્યારે કોઈ પણ જાતની રોયલ્ટી લીધા વિના પોતાના નામને વાપરવા દે. આજના સમયમાં જ્યારે લૈલા મજનુ, શીરી ફરહાદ, રોમિયો જુલીયેટ વગેરે ના પ્રેમને પોતાનો આદર્શ માનનારું યુવાધન ક્યાંક પૂર્ણ પૂરૂષોત્તમ કૃષ્ણ અને સખી રાધાનો વિશુદ્ધ પ્રેમ વિસરી ગયું છે.

રાધાકૃષ્ણના પ્રેમ પર લખવા બેસીએ તો જીવન ટુકું પડે. રાધાકૃષ્ણનો પ્રેમ ગહન પરંતુ અવર્ણનીય છે. મૌન તરંગોનો મેળાપ છે. એકબીજામાં સમાયેલો શ્રૃંગારથી તરબોળ છતાં પણ પવિત્રગંગા જેવો શુદ્ધ છે. બન્નેના મનનાં ઊંડા મહાસાગરમાં પરિણય પામતાં દિવ્ય મોતીરૂપી માળા છે. ફુલ જેવો કોમળ પારસ્પરિક ભાવ છે. પૂર્ણ સમર્પણ છે તે પણ પૂર્ણ સૂર્ય જેવું, જેમ સૂર્ય પોતે પ્રકાશ આપતાં આપતાં જ પોતે જ પ્રકાશ બની જાય છે, એમ એકબીજાના વિરહમાં પણ દુઃખ અહેસાસને જાણી લીધો છે. રાધાનો કૃષ્ણ માટે અને કૃષ્ણનો રાધા માટે પ્રેમ એટલે એક એવી પવિત્ર પ્રાર્થના છે કે જે આપણે વાંચીએ છીએ, જાણીએ છીએ, સમજીએ છીએ, છતાં પણ આ ભાવ સાથે ભક્તિ કરી શકતા નથી. પરંતુ પ્રભુ સુધી આપણી પ્રાર્થના પહોચાડવામાં ક્યાંય આપણું સમર્પણ,પ્રેમ, વિશ્વાસ બહુ કાચા છે.

ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓમાં સૌથી સુંદર પ્રસંગ રાધા કૃષ્ણનું મિલન અને પ્રેમનો છે. શ્રીકૃષ્ણની લીલા એટલે પરમ કૃપાળુ પરમાત્માની લીલા, ધર્મને સ્થાપવા માટે, દુષ્ટનો નાશ કરવા, જગતમાં પ્રેમની નદી વહેતી રાખવા વિષ્ણુએ પૃથ્વી પર કૃષ્ણ અવતાર લીધો છે. નિર્મળ પ્રેમ એટલે રાધા–કૃષ્ણ જેવો પ્રેમ. રાધા કૃષ્ણનો પ્રેમ એટલે અમર આત્માનો પ્રેમ. રાધાને કાનાનો વિરહ રડાવે છે, છતાં નથી કહી શકતા કે નથી સહન કરી શકતાં. પ્રેમ નીત નવો વધતો જતો હોય આવા પ્રેમને રાધા–કૃષ્ણનાં પ્રેમ જેવો કહે છે. દ્વાપર યુગના આ પ્રેમને આજે પણ લોકો યાદ કરે છે. આ પ્રેમ અમર છે અને આ ઇશ્ક એ જ તો ઇશ્વર છે.

રાધા કૃષ્ણના પ્રેમ અંગે જે કોઈ લખાણો લખાયા તેમાં તેમના હૃદયની લાગણીઓની તો ખબર નથી પરંતુ લેખકે તે પવિત્ર પ્રેમને જે પ્રકારે મૂલવ્યા તે પ્રકારે લોકોએ વાંચીને સ્વીકારી લીધા. કવિઓ કે લેખકોએ પણ સમાજમાં જેમ વર્ષોથી ચાલતું આવ્યું છે તેમ સ્ત્રી દાક્ષણ્યની ભાવના બતાવી રાધાના વિરહને ન્યાય આપ્યો પરંતું આજે મને જે લાગણી કૃષ્ણ માટે છે તે મોતી કદાચ આજ દિન સુધી આટલા વિશાળ સાહિત્યના સાગરમાં મળ્યું નથી.

કહેવાય છે કે કૃષ્ણએ જે દિવસે રાધા અને વૃદાવન છોડ્યું તે જ દિવસથી કૃષ્ણએ પોતાની પ્રિય એવી મોરલી પણ વગાડવાની બંધ કરી દીધી અને રાતો રાત તે પરિપક્વ બની ગયા અને સમાજ કલ્યાણર્થે પંચજન્ય શંખને પોતાનો કરી લીધો. આ એજ શંખ છે કે કુરૂક્ષેત્રમાં તેના ધ્વનિથી અધર્મ વિરૂધ્ધ ધર્મના સંગ્રામની શરૂઆત કરાઈ હતી.

સમય પસાર થતો ગયો અને કૃષ્ણ સામાન્ય ગોવાળિયામાંથી દ્વારિકાના રાજાધિરાજ બની ગયા. સમયની સાથે પોતાના માનવદેહ ધારણ કરવાના ઉદ્દેશ્યના ભાગરૂપે લોકકલ્યાણના કાર્યો તેમજ અધર્મનો નાશ કરી ધર્મનું સ્થાપન કરવામાં પોતાના તન-મનને ઝબોળી દીધું. આ દરમ્યાન વિધાતાના લેખ મુજબ રૂકમણિ, જાંબુવંતી, સત્યભામા, સત્યા, લક્ષ્મણા, કાલિંદી, ભદ્રા, મિત્રાવિંદા મળી આઠ પટરાણી સહીત નરકાસુરના ત્રાસમાંથી મુક્ત કરાવેલ 16100 સ્ત્રીઓના સન્માનઅર્થે પત્નીનો દરજ્જો આપ્યો. કુરૂક્ષેત્રના યુધ્ધ બાદ પોતાના ફોઈ કુંતીએ તેમને વેધક પ્રશ્ન પુછ્યો કે શું આ વિનાશ રોકવાનું તારા હાથમાં ન હતું? ત્યારે માત્ર સામાન્ય માનવીની જેમ પોતે શક્ય હતું તે બધુ જ કરી છુટ્યાનો ક્ષુલ્લુક બચાવ કરનાર વિધાતાના લેખને આધીન એવા શ્રીકૃષ્ણને કોણ ઓળખી શકે. સમ્યંતકમણિના અભિશાપને જાણનાર કૃષ્ણ જાણી જોઈને તે પ્રાપ્ત કરવા અધીર બને અને પછી ચોરીનું આળ પણ હસતે મ્હોંએ સ્વીકારે ત્યારે સામાન્ય રીતે લાગે કે શુ આ પ્રભુ હોઈ શકે ? તો આનો જવાબ છે હા કારણ કે રામ એ મર્યાદા પૂરુષોત્તમ સ્વરૂપ હતું પરંતું કૃષ્ણએ પૂર્ણપૂરુષોત્તમ સ્વરૂપ છે.

આજના સમયમાં ડગલે પગલે રામ કરતાં કૃષ્ણ આપણા જીવનના દરેક પ્રસંગોમાં આપણને સમાધાન પૂરુ પાડે છે. કૃષ્ણ હજારો વર્ષોથી આપણી વચ્ચે જીવ્યા છે અને રોજ કંઈ કેટલાય પાર્થને ગીતા જ્ઞાન આપી પોતાનું કર્તવ્ય પુરુ કરવા પરોક્ષ રીતે પોતાની હાજરીનો પુરાવો આપે છે.

વિધાતા દ્વારા કર્મફળના ભાગરૂપે કહો કે ભગવાન પરશુરામે તથા ગાંધારીએ આપેલ શ્રાપના ફળસ્વરૂપે દ્વારિકામા મધપાન અને વિલાસી જીવનશૈલીએ જ્યારે યાદવકુળના યાદવોની માંહેમાંહની લડાઈ અને તેના દ્વારા હોમાતી જીંદગીઓએ પ્રભૂ શ્રી કૃષ્ણને પણ ચોક્કસપણે દુ:ખી કર્યા અને આ યાદવાસ્થળીથી ત્રસ્ત થઈને ખિન્ન હૃદયે એકલા અટુલા પડી ગયા ત્યારે તેઓને પોતાની પટરાણીઓ નહી પણ પ્રિય સખી એવી રાધા યાદ આવી કારણ કે પોતાની પટરાણીઓને તો પ્રભુ હમણાં સવારે જ દ્વારિકામાં છોડીને નીકળ્યા હતા પરંતું વર્ષો પહેલા વૃંદાવનમાં એકલી મુકી ચાલ્યા હતા તે રાધાને પણ અન્યાય થયો હતો. પોતાની પ્રિય સખી રાધાની યાદ ન આવે તે માટે વૃંદાવનમાંથી પ્રસ્થાન કર્યા બાદ જે વેણુને પોતે પોતાના હોઠના સ્પર્શ કરાવ્યા ન હતા તે મોરલી આજે પોતાના હૃદયે લગાવી બે ઘડી રાધાજીને યાદ કરી વર્ષો જુનો વિરહ દૂર કરી એવા સુર રેલાવ્યા કે ત્રણે લોકમાં રાધાજીની સુવાસ પ્રસરી ગઈ અને એ કૃષ્ણના હૃદયમાં રાધાવિરહના એવા વલોપાત નિકળ્યા હશે કે તેને અનુભવવામાં આપણે કૃષ્ણભક્તો વામણા પૂરવાર થઈએ.

ચલચિત્રોમાં નાયક નાયિકાના વિરહે આંસું સારતા આપણે ક્યારેય આપણા અંતરમનમાં વિરાજતા મહાનાયકના વિરહથી દુઃખી થયા છીએ? આપણે તો માત્ર મંદિરોમાં જઈ રાધેકૃષ્ણ બોલવુ રહ્યું કે પછી નાના અણ સમજુ બાળકના બે હાથ પકડી રાધે રાધે શીરા પુરી ખાજે શીખવી પોતે શીરા પુરીની જ્યાફત ઉડાવવી તે જ માત્ર રાધાના નામનો ઉપયોગ રહ્યો છે.

આટલું વાંચ્યા પછી એક પ્રશ્ન સહજ રીતે મનમાં થાય કે શું પ્રભુ રાધાને આટલો બધો પ્રેમ કરતા હોય અને તેમ છતાં પણ જીવનભર પોતાનાથી રાધાજીને અળગા રાખવાનું કારણ શું?, જે કૃષ્ણ રૂકમણિના એક માત્ર પ્રેમસંદેશથી તેનું હરણ કરે તેમના દ્વારા રાધાજી ને આવો અન્યાય શા માટે?

આનો જવાબ છે કૃષ્ણે ક્યારેય રાધાજીને અન્યાય કર્યો જ નથી કારણ કે રાધાજીને તેમણે તેમના હૃદયસામાજ્ઞી બનાવ્યા હતા. કૃષ્ણે વૃંદાવન છોડ્યા બાદ બંસીના સૂર ન છેડ્યા કારણ તે બંસી તો તેમણે રાધાજીને સોંપી દીધી હતી. રાધાજીએ વૃદાવન છોડતા કૃષ્ણને કહ્યું હે શ્યામ તમારે હવે લોક કલ્યાણના કાર્યોને મૂર્ત સ્વરૂપ આપવાનું છે ત્યારે ક્યાંક તમારી આ બંસીના સૂર તમને મારી યાદ અપાવી જાય તો આપણી પ્રીતને લાંછન લાગે માટે આજ થી આપની આ મોરલી મને સોંપી દો. આ જોતા જો રાધા ના હોત તો કૃષ્ણનું કોઈ અસ્તિત્વ નથી અને માટે જ આપણે સૌ જાણ્યે અજાણ્યે રાધાકૃષ્ણ ના જયકાર કરીએ છીએ નહી કે રૂકમણીકૃષ્ણ કે પછી જાંબવંતીકૃષ્ણ વગેરે.

અરે જે કૃષ્ણે લોકકલ્યાણર્થે શંખ ફૂંક્યો તે કૃષ્ણના મંદિરોમાં પણ આપણે રાધાજીને જ સ્થાન આપ્યું અને સાથે તેમના પ્રિય મોરલીધર કારણ કે કૃષ્ણની અન્ય પટરાણીઓતો માત્ર અને માત્ર લોકકલ્યાણના ભાગરૂપે આવી હતી જેમને પટરાણી બનાવવા મોરલીધરે મોરલી નહી પણ પંચજન્ય શંખ ફૂંક્યો હતો.

અંતમાં કોઈપણ જાતના શાસ્ત્રાર્થ વગર આપણા સૌની સર્વ સામાન્ય સમજમાં સ્વીકારાય તેવો એક જવાબ કે આજકાલ સમાજમાં દામ્પત્યજીવનમાં જે કિસ્સાઓ બની રહ્યા છે તેની જાણ હજારો વર્ષ પહેલાં પૂર્ણ પુરૂષોત્તમ કૃષ્ણને હતી માટે તેમણે માનવ અવતાર ધારણ કરી પ્રેમનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ પુરૂ પાડ્યું અને જ્ઞાન આપ્યું કે પ્રેમ એ મનથી અનુભવાય છે નહી કે તનના સહવાસ થી...

રાધેય!!! રાધેય!!!

દિવ્યેશ સંઘાણી

# અનુક્રમ


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | બનો રાધા | ૧ |
| ૨ | તારો ભક્ત રાધા | ૨ |
| ૩ | વિરહની આગમાં તડપેં જરા | ૩ |
| ૪ | બાળપણ ની પ્રિત | ૪ |
| ૫ | તારા ઈશ્કના હિંચકે | ૫ |
| ૬ | આજ રીસાઈ રાધા | ૬ |
| ૭ | અબ આ જાઓ રાધા | ૭ |
| ૮ | ઈશ્કની વાત | ૮ |
| ૯ | યાદ આવ્યું નામ રાધા | ૯ |
| ૧૦ | મશહુર થઈ રાધા | ૧૦ |
| ૧૧ | હજી બાકી છે | ૧૧ |
| ૧૨ | કેમ સમજાવ્યું હશે | ૧૨ |
| ૧૩ | રાધા વિના | ૧૩ |
| ૧૪ | મુકમ્મલ થઇ જાય | ૧૪ |
| ૧૫ | બની ગઈ | ૧૫ |
| ૧૬ | વરસું છું | ૧૬ |
| ૧૭ | રાધા ને શ્યામ મળે | ૧૭ |
| ૧૮ | વાંક ક્યાં ગણવો | ૧૮ |
| ૧૯ | ધબકું છું | ૧૯ |
| ૨૦ | શ્યામ જ્યારે ઈશ્વર ન હોય | ૨૦ |
| ૨૧ | આપણી વચ્ચે હતી | ૨૨ |
| ૨૨ | નિખાલસ છે | ૨૩ |
| ૨૩ | યાદ કરતી હશે શાયદ | ૨૪ |
| ૨૪ | વરસવું પડશે | ૨૫ |
| ૨૫ | કોઈ સજા નથી | ૨૬ |
| ૨૬ | હું શું કરું | ૨૭ |

# અનુક્રમ


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૨૭ | દાઝી જવાયું છે | ૨૮ |
| ૨૮ | નજર મળી છે | ૨૯ |
| ૨૯ | મળ્યું છે | ૩૦ |
| ૩૦ | યાદ આવે છે | ૩૧ |
| ૩૧ | સમજાવીશ નહીં | ૩૨ |
| ૩૨ | રાધેશ્યામ થાય છે | ૩૩ |
| ૩૩ | નવા વર્ષની નવી સવાર | ૩૪ |
| ૩૪ | મળે છે | ૩૫ |
| ૩૫ | યાદ આવે છે | ૩૬ |
| ૩૬ | હું ઝંખું છું | ૩૭ |
| ૩૭ | શોધ્યા છે | ૩૮ |
| ૩૮ | માથું ઊંચક્યું છે | ૩૯ |
| ૩૯ | કંઈ ગમતું નથી | ૪૦ |
| ૪૦ | આપણું આંગણું | ૪૧ |
| ૪૧ | રાધા રાધા | ૪૨ |
| ૪૨ | હું કરું શું | ૪૩ |
| ૪૩ | પ્રીત જગાડે | ૪૪ |
| ૪૪ | ભૂલી ગયો છું | ૪૫ |
| ૪૫ | શ્યામ સાથે રાધાને | ૪૬ |
| ૪૬ | મહેરબાની તમારી | ૪૭ |
| ૪૭ | શ્યામ બંસી મધુર વગાડે | ૪૮ |
| ૪૮ | કૃષ્ણ માળા જપે | ૪૯ |
| ૪૯ | આજ આવ્યો વરસાદ | ૫૦ |
| ૫૦ | એકલું કેમ જીવાય | ૫૧ |
| ૫૧ | ખબર ન હતી | ૫૨ |
| ૫૨ | શ્યામની યાદ | ૫૩ |

# બનો રાધા...

મારા અંતરની વેદના જોવા,
તમેં પણ કયારેક બનો રાધા.

મુકી મુરલીને આંસુડા લુછવા,
ઘડીભર તમેં પણ બનો રાધા.

પેંલાં મુકુટ–માળા બાજુ મુકીને,
આ વેષ પહેરી ને બનો રાધા.

રંગ–એ–હિનાને બાજુ પર મુકી,
કયારેક કાન ઘેલી બનો રાધા.

બધું હાર્યુ તો પણ નહીં પામ્યા,
કેવુ છે હૈયું જાણવા બનો રાધા.

આ જનમ સઘળો જશે નકામો,
જો ન સમજાય તો બનો રાધા.

આ પ્રેમ–ઇશ્ક શુ છે તે જાણવા,
કંઇ નહીં પણ તમેં બનો રાધા.

દિવ્યેશ આ પલનો ખેલ ખેલી,
પ્રેમ વરસાવાં તમેં બનો રાધા.

😍😍😍

# તારો ભક્ત રાધા...

કરી ધર્મ યુદ્ધ છતાં પણ પામી ન શક્યો રાધા;
ઉપરથી મહેણું જગતનું રહ્યું, તરછોડી છે રાધા.

માખણ ચોરી આવ્યા'તા, ખાલી ભેરૂને રીઝવવા;
ખબર ન હતી કે સજા કરશે, બધાની જેમ રાધા.

કૂંપળ ફૂટી હતી, અનેક જન્મોના પાનખર પછી;
તે જાણી દિલ-એ-પંખી આવ્યું હતું તાનમાં રાધા.

જિંદગીભર તારી રંગ-એ-હિનાને મુટ્ઠીમાં સજાવી;
જીતી જિંદગી ને હારી ગયો, કિસ્મત હું તો રાધા.

જાણું છું મંદિરો સુના પડશે તારી જ છબી વિના;
એ વાત અત્યારે કોને સમજાવું હું શાનમાં રાધા.

મળી તને, હું પણ એટલો બદલાય ગયો છું હવે;
તો ખબર નથી દુનિયા કેમ ઓળખશે મને રાધા.

દિવ્યેશને હવે તમારે જ સમજવાનો છે આજથી;
જે દુનિયામાં આપેં ઓળખ, તે તારો ભક્ત રાધા.

😍 😍 😍

# વિરહની આગમાં તડપેં જરા...

આવે મઝા આ દરદમાં જો એ કદી તડપેં જરા.
લાગેલ લીલા પાનની આગ પણ પ્રજવલે જરા.

કૃષ્ણ ઘેલી રાધા ને ગોપી તડપતી રહે આગમાં,
કોઇની છિપાઈ જાય તૃષા અને કોઈ તરસે જરા.

આખી ધરા, આ ફૂલો અને હૈંયા તણી કળી બધી,
ખીલી જશે જો ઈશ્કની ઘમઘોર ઘટા વરસે જરા.

ખૂશ્બુ–એ–હિનાનું ઇશ્ક–એ–ખંજર સજાવ્યુ દિલમાં,
તેથી જુઓ આ ઘાવ પણ દરરોજ નો મહેકે જરા.

ઝઘડો હવે શમેં કયાંથી આ રાત દિ’ની વાતનો?
સૂરજ જોઇ આ ચાંદ તારાની ટોળકી ભડકે જરા.

આ બુઝાય રહેલ દિવ્યેશની કેવી હશે એ વેદના,
આવે તેવુ નહીં કોઈ ને આ દ્વાર પણ ખખડે જરા.

ફૂલો પણ ગાવા જંખે મરસિયા દિલ–એ–ખંડેરના,
સુના સમયની, ડાળ ઉપર કોયલ હવે ટહુકે જરા.

લાગે છે આ દિલ તણો ઘાવ તો હજુ તાજો જ છે,
દિવ્યેશ તેથી જુઓ વિરહની આગમાં તડપેં જરા.

😍 😍 😍

# બાળપણની પ્રિત...

એ બાળપણ ની પ્રિત કેમ કરી ભુલે કૃષ્ણ પણ,
એ તો સજાવે રંગ-એ-હિના તારા હાથમાં રાધા.

શંખ ચક્ર ગદા અને પદ્મ એ જ ચતુર્ભુજ વિષ્ણુ,
રૂક્ષ્મણી પટરાણી પરંતુ મનની રાણી તો રાધા.

એટલે જ તો ફુકતાં રહ્યા શંખ કૃષ્ણ જિંદગીભર,
કારણકે જો બંસરી વગાડે તો યાદ આવે રાધા.

લોકકલ્યાણર્થે આંગળી પર સુ-દર્શન બુઠ્ઠુ લાગે,
વર્ષો જુની યાદ લાવે દિલમાં તારો સાદ રાધા.

વિરહની આગમાં જલતી કૃષ્ણને બહેલાવવાને,
આજ પણ સંભળાય અધુરી પ્રિતનો નાદ રાધા.

દિવ્યેશ જો કદિ ઇશ્ક નામનો ગ્રંથ ન સમજાય,
તો તેનો સીધો ને સરળ અનુવાદ એટલે રાધા.

😍 😍 😍

# તારા ઇશ્કના હિંચકે...

તારા ઇશ્કના હિંચકે ઝુલે મારું દિલ રાધા,
પ્રિત તારી હવે કેમ કરી ભુલાય ઓ રાધા.

ભવોભવ સાથ નિભાવાની ખાધી છે કસમ,
માણી લઇએ પળ એકરૂપ થઇ આજે રાધા.

જીદગીની અન્મોલ પળ જો ગઇ સરકી તો,
આખી જીદગી તડપતા રહેંશુ આપણે રાધા.

આ ઇશ્કની રમતમાં મેં પણ કેવી ભુલ કરી,
મારી રચેલ દુનિયામાં હું જ અટવાયો રાધા.

એટલે જ વાંસળી છોડી સુદર્શન ફેરવ્યુ પડ્યું,
આ જગતમાં તો ઇશ્વર પણ મજબુર છે રાધા.

એકપળ પણ તમેં મારાથી ન પડો જુદા હવે,
પ્રિત–એ–હિનાની પળને પકડી રાખજો રાધા.

કેવી રીતે વિતાવી તેમણે પણ આવી જિંદગી,
દિવ્યેશ તો કેમ કરી ભુલે આ ક્રિષ્ન અને રાધા.

😍 😍 😍

# આજ રીસાઇ રાધા...

આજ રીસાઇ રાધા હવે વાંસલડી કેમ કરી વાગે,
હું નાચું તમેં વગાડો વાંસડી કહેતી રહેતી રાધા.

પ્રેમ બંધને બંધાયને હવે રાધા વિના કેમ ચાલે,
હવે ઇશ્ક–એ–હિના કેમ સજાવું તારા વિના રાધા.

સાંજટાણે વૃદાવનની બધી ગોપી સંગ રાસ રમેં,
કૃષ્ણ ન રમેં રાસ એ તો રમેં તારી સંગમાં રાધા.

હાથમાં બંસરી માથે મુંક્ટ–મોરપીચ્છ સારુ લાગે,
એ કાલીનાગથી નહીં તારી લટથી બંધાય રાધા.

વાંસળી વિના કાન અધુરા ને કાનજી વિના રાધે,
તો કેમ કરી હવે ત્યજે વાંસળીને કેમ ત્યજે રાધા.

દિવ્યેશ કહે મીરા જપેં માધવને ગોપી જપેં કાન,
પણ રાધા જપેં શ્યામને શ્યામ જપેં રાધા – રાધા.

😍 😍 😍

# અબ આ જાઓ રાધા...

દિલ સે પુકારા હૈં અબ આ જાઓ રાધા,
તરસતે રહેં નૈન અબ ન રુલાઓ રાધા.

ખડા હું મૈં રાહોં પર પલકે બિછાએ હુએ,
તેરી યાદોં કો દિલસે લગાયે હુએ રાધા.

દિલસે બુલાતા ફિરતા રહાં જિંદગીભર,
હમે ન દિલસે મીટાના તુમ કભી રાધા.

તેરે ખ્યાલો કિ રંગ-એ-હિના મૈં ખોકર,
તુ માને યા ન માને મેં તુમ્હારા હું રાધા.

ઈશ્ક-એ-આગ બુજાને લેતા રહા જન્મ,
અબ તો થામ લીયા દામન તેરા રાધા.

કુર્બાન તુમ  યહ જીવન સારા હમારા,
ફિર કયું ન મિટે પ્યાસ દિલ કિ રાધા.

દિવ્યેશ વો ખિવૈયા ફસા મઝધાર બોલે,
જીવન નૈયા મેરી આ કર બચા લો રાધા.

😍😍😍

કોપિરાઈટ © દિવ્યેશ સંઘાણી – સર્વહક સ્વાધીન
+91 99786 44441 info@divyesh.in

# ઇશ્કની વાત...

ઈશ્કની વાત છાનામાના કહું,
તને રાધા મુજને કાના કહું.

મળે ખબર તને મળવાની,
તો મોકાઓ બધા સુહાના કહું.

હાથો ની રંગ-એ-હિના જોઈ,
તે નિશાન મારા પ્રેમના કહું.

જો તું ખુદને શમ્મા કહે તો,
સ્વયમને હું પરવાના કહું.

મિત્રો પજવે નામ તારુ લઈ,
મલકીને એ અફસાના કહું.

તુજ થી શરૂ ને ખત્મ પણ,
કોને આ ઈશ્કના ફસાના કહું.

લજ્જાથી છણકો તુ આપે તો,
તારા તે શગુફતા બહાના કહું.

રહ્યુ આ દિલ-એ-તન્હાં મારું,
જેને તે યાદોમાં દિવાના કહું.

દિલ-એ-જખ્મના એ નજારામાં,
દેખાતી મુરતને ખજાના કહું.

દિવ્યેશ ખુદા પુછે ઈશ્ક શું છે,
તો હું જાપ તારા નામના કહું.

😍 😍 😍

કોપિરાઈટ © દિવ્યેશ સંઘાણી – સર્વહક સ્વાધીન
+91 99786 44441 info@divyesh.in

# યાદ આવ્યું નામ રાધા...

મધ્યરાત્રી થઈ છે દ્વારકા-એ-ભવનમાં,
ત્યારે શ્યામને યાદ આવ્યું નામ રાધા.

રૂકમણી ની સોડ ત્યજી ચાલ્યા શ્યામ,
બંધ દરવાજે યાદ આવ્યું નામ રાધા.

દ્વારકામાં છે આજ દરિયો કેમ તોફાની,
યમુના કાંઠાનું યાદ આવ્યું નામ રાધા.

સ્મરણો કેરા ગોરસ છલકાવી શ્યામને,
આજે અતીતનું યાદ આવ્યું નામ રાધા.

ઈશ્ક-એ-હિના કેદ દિલ-એ-દિવાલોમાં,
કુંજગલી જવા યાદ આવ્યું નામ રાધા.

હસવાની એક રીત શીખવી ગયા હતા,
દુખને છુપાવાં યાદ આવ્યું નામ રાધા.

છુપી ભીનાશ થી છલકે નેણની ઉદાસી,
તણી ભરતીમાં યાદ આવ્યું નામ રાધા.

કહેવી તો છે આજ દિલ-એ-દર્દની વાત,
તો શ્યામને કેમ યાદ આવ્યું નામ રાધા.

પહેલા પ્રેમ ની પહેલી પ્રિત અધુરી રહી,
મિલનની તૃષામા યાદ આવ્યું નામ રાધા.

દિવ્યેશ સમાજ ની હર સીમા પાર કરી,
જલાવા હૈયાને યાદ આવ્યું નામ રાધા.

😍 😍 😍

કોપિરાઈટ © દિવ્યેશ સંઘાણી – સર્વહક સ્વાધીન +91 99786 44441 info@divyesh.in

# મશહુર થઈ રાધા...

શ્યામ ચહેરાનું જયારે નુર થઈ રાધા,
ત્યાર પછી ખુબ જ મશહુર થઈ રાધા.

મળી તો હતી ફકત નજરો થી નજર,
તો કેમ ઊર્મિઓમાં ભરપુર થઈ રાધા.

ઇશ્ક–એ–હિના સજાવી દિલ–એ–રૂહમાં,
એતો કેવી ઇશ્કમાં ચકચુર થઇ રાધા.

જાણ હતી કે કદી નહીં મળે શ્યામ તો,
ફરી મળવા જ કેમ વ્યાકુળ થઇ રાધા.

વહી ગયાં શબ્દો કાનમાં થી હૃદયમાં,
છતાં પ્રીત ની નવી દસ્તુર થઇ રાધા.

હોઠો પર છુપી રહી દિલ ની ખ્વાહીશ,
છતાં પણ તે ઇશ્ક–એ–ફિતુર થઇ રાધા.

આ હૃદયમાં દર્દ તો ઘણુ છુપાવેલું છે,
છતાં પણ ઇશ્કમાં ગાંડીતુર થઇ રાધા.

રમવા રાસ સંગ તારી ચાંદની રાતમાં,
દિલની લાગણીઓ ઘોડાપુર થઇ રાધા.

પ્રીત છે આ દિલ ની ફકત તારા માટે,
બતાવા તને પ્રેમની જડમુળ થઇ રાધા.

દિવ્યેશ છે આ તારી ભવોભવની પ્રીત,
છતાં તે પામવા તને નિષ્કુળ થઇ રાધા.

😍 😍 😍

# હજી બાકી છે...

શ્યામ અને રાધા વિખુટા પડ્યા જે કદમો થી,
મિલન ની ધારા પર જેનું પડવું હજી બાકી છે.

અહિં ધરતી પર છુટયા હતા ઇશ્ક-એ-નિશાન,
તે પગલાઓનું ફરી અહિં મળવું હજી બાકી છે.

અમને તો ઇશ્કમાં વિરહની અગ્નિ એ જલાવ્યાં,
તે ઇશ્કનું ફરી તાજા થઇ આવવું હજી બાકી છે.

ઇશ્ક-એ-પ્યાસ થી શીત થયા તે ઇશ્ક-એ-બીજ,
ફરી તે બીજના અકુરનું ઊપજવું હજી બાકી છે.

તું છોડી આવી હતી જે કેટલીક રેખાઓ અધુરી,
તેને તો ઇશ્ક-એ-કલમ થી રંગવું હજી બાકી છે.

તુ ચાલી આવી હતી બધા સંબંધ અપુર્ણ છોડી,
તેને હવે ઇશ્ક-એ-હિનાથી સજવું હજી બાકી છે.

નીરસ થઇ ગયું હતું તારા વિના મારું તો દિલ,
બંધ ઇશ્ક-એ-રાગ નું ફરી ગુજવું હજી બાકી છે.

મૌન બની સહેંતી રહી બીજાના શબ્દો દિલમાં,
તારા સુધી તે પહોંચે તેને રોકવું હજી બાકી છે.

કસોટી-એ-ઇશ્કમાં ભલે બધા વાતો કરતા રહ્યા,
તારે પણ બધા ની સામે બોલવું હજી બાકી છે.

ઇશ્ક માં દિવાલ ઉભી કરી ભલે તેઓ ખુશ રહે,
પણ તેની તાકાત સામે તો કંપવું હજી બાકી છે.

હોઠો મુસ્કુરાવી તારો હાથ મારા હાથમાં આપશે,
ને કયારેય એકબીજા થી ન છુંટવું હજી બાકી છે.

દિવ્યેશ વર્ષો પહેલા વિખેરી'તી તે જે લટ તેની,
આજે પણ તેને આ હાથે સવારવું હજી બાકી છે.

😍 😍 😍

## કેમ સમજાવ્યું હશે...

આ જગત ક્યાં કશું જાણે રાધા એ શું ખોયું હશે,
છાને ખૂણે શ્યામનું હૃદય પણ ક્યારેક રોયું હશે.

ઇશ્ક–એ–વિરહમાં રાધા નું નામ કેમ લખાયું હશે,
બધું જાણી શ્યામ ને પણ ત્યજવું કેમ ગમયું હશે.

ઇશ્કની બાજી હારી ત્યારે રાધાએ શું નોંધ્યું હશે,
વાત સાંભળી રાધા ની શ્યામ ને કેવું લાગ્યું હશે.

તરછોડવા શ્યામ ને તેનું દિલ કેમ ખચકાયું હશે,
રાધા ની ઇચ્છા પુરી કરવા દિલ કેવુ તરસ્યું હશે.

ભુલયા હતા જેને તેનું નામ કેમ યાદ આવ્યું હશે,
કોઇ પુછતા મારુ નામ તો રાધા કેમ કહેવાયું હશે.

રાધાનું વિરહમાં હરપલ સુનુ દિલ–એ–ફળીયું હશે,
તારી ખૂશ્બુ–એ–હિનાથી તેનું દિલ મહેકી રહ્યું હશે.

વિરહ–એ–અગ્નિ માં રાધા એ કયું ગીત ગાયું હશે,
શ્યામ ની બાંસુરી એ નામ તારૂ જ ગુજી રહ્યું હશે.

કોઇ સાથ આપવા તને બની આવ્યું પંતગિયું હશે.
પણ તમે ન આવ્યા તો આ દિલ કેવું કરમાયું હશે.

ઇશ્ક–એ–રાહમાં રાધા એ દિલ ને કેવું હરાવ્યું હશે,
રાધા ની ખુશી માટે શ્યામે તે દિલ કેવું જીત્યું હશે.

દિવ્યેશ ઇશ્કમાં આવું તમે ક્યાંય ન સાંભળ્યું હશે,
નિભાવા ઇશ્ક તેઓના દિલ ને કેમ સમજાવ્યું હશે.

😍 😍 😍

કોપિરાઇટ © દિવ્યેશ સંઘાણી – સર્વહક સ્વાધીન

# રાધા વિના...

લાખો દિલ-એ-અરમાન અધુરા રહ્યા છે રાધા વિના,
અનેક ચેહરા સામે પણ કંઈ ગમતું નથી રાધા વિના.

આ અધુરી છે રંગ-એ-હિના મારા ઇશ્કની રાધા વિના.
લાગે છે અનેક જન્મો નો ઇશ્ક અધુરો છે રાધા વિના.

જ્યારે પણ નજર આવે ખુદ ની તસ્વીર રાધા વિના,
ત્યાં ખ્યાલ સતાવે હવે હકીકત કેમ થશે રાધા વિના.

વર્ષો થી આ દિલ-એ-ધરા પ્યાસી રહેલ રાધા વિના,
તો ઇશ્ક-એ-મેઘની આસમાં તરસ્યો રહ્યો રાધા વિના.

વૃદાવન છોડ્યું તો પણ બધુ એવું જ રહ્યું રાધા વિના,
હવે આ જગત જગત જ ન રહ્યું મારું તો રાધા વિના.

હવે દ્વારકા જાઊં છું કે જ્યા પણ જાઊં છું રાધા વિના,
ત્યાં ત્યાં તું દેખાય છે ને હું હું નથી રહેતો રાધા વિના.

હવે આ દિલ-એ-દરવાજા બંધ પડ્યા છે રાધા વિના,
ઇન્તઝાર-એ-રાંહમાં નયન અધુરા ખુલ્લા રાધા વિના.

દિવ્યેશ તારી જેમ પ્રેમ ને ઇશ્ક અધુરા છે રાધા વિના,
તેવી જ રીતે શ્યામ પણ અધુરા રહ્યા હતા રાધા વિના.

😍😍😍

કોપિરાઇટ © દિવ્યેશ સંઘાણી – સર્વહક સ્વાધીન
+91 99786 44441 info@divyesh.in

# મુકમ્મલ થઈ જાય...

રાધા લાગે મારું નામ પાછળ તારી તો મારું નામ મુકમ્મલ થઇ જાય,
એકવાર જો આપ ઇશ્ક–એ–ઈજાજત તો આ જિંદગી મુકમ્મલ થઇ જાય.

રાધા વિરહ–એ–અગ્નિમાં તરસ્યાં આંખોના ખ્વાબો મુકમ્મલ થઇ જાય,
હર ચહેરા માં બસ શોધતી ફરતી આ મારી નજરો મુકમ્મલ થઇ જાય.

રાધા હવે તું મળી જાય તો આ દિલમાં છુપી જિંદ મુકમ્મલ થઇ જાય,
અંનત કાળના અધુરા બધા આ દિલ–એ–અરમાનો મુકમ્મલ થઇ જાય.

રાધા જો તું સમજે મારા ઇશ્કને તો દિલ–એ–મન્નત મુકમ્મલ થઇ જાય,
બસ તારી એક દુવાની અસર થી આ ઇશ્ક–એ–રાંહ મુકમ્મલ થઇ જાય.

રાધા હાથો માં રંગ–એ–હિના સજાવાની તે ફિતરત મુકમ્મલ થઇ જાય,
આ ઇન્તજાર બની આંખમાં છુપાયેલ મારી હસરત મુકમ્મલ થઇ જાય.

રાધા નામ આ હોઠો પર રહે અને તે એક જ નામ મુકમ્મલ થઇ જાય,
રહેશે નહીં જો કોઇ કમી તો અધુરો ઇશ્ક મારો હવે મુકમ્મલ થઇ જાય.

રાધા જે અધુરી હતી આપણી ઇશ્ક–એ–દાસ્તાન તે મુકમ્મલ થઇ જાય,
નિંદરમાં વિખરાઇ જતા બધા જ ખ્વાબો મારા હવે મુકમ્મલ થઇ જાય.

રાધા તે અધુરા ઇશ્ક ની અધુરી યાદો ના અલ્ફાજ મુકમ્મલ થઇ જાય,
તે અધુરી મુલાકાત યાદો નહિં પણ અહેસાંસ મારા મુકમ્મલ થઇ જાય.

રાધા હાથોમાં જો તારો હાથ હોય તો જાણે જિંદગી મુકમ્મલ થઇ જાય,
આ લકીરો, આ નસીબ અને આ કિસ્મત પણ જાણે મુકમ્મલ થઇ જાય.

દિવ્યેશ રાધા આખરે વાંચે આજ જો આ ગઝલ તો મુકમ્મલ થઇ જાય,
પછી જો તે એકવાર બોલે વાહ વાહ તો આ જિંદગી મુકમ્મલ થઇ જાય.

😍😍😍

# બની ગઈ...

શ્યામના દિલમાં છુપી વાત હવે આમ બની ગઈ,
મુદતોની પ્યાસ જાણે હવે ખાલી જામ બની ગઈ.

શ્યામ તો હદ થી વધી રાધાને બસ ચાહતો રહ્યો,
પણ તેના ઇશ્ક ની અસર દિલમાં હેમ બની ગઈ.

શ્યામને રાધા સંગ ઘટના એવી તે કંઈ ઘટી હશે,
વાત જાણે તેના છુટા પડવાની પડઘમ બની ગઈ.

શ્યામ એ રાધાના ઇશ્ક–એ–હિનાની આંહ શું સજી,
કે ચર્ચા તેની કેમ હવે દરેક ગામેગામ બની ગઈ.

શ્યામનું દિલ જેને કાજ ધબકે તેને ખ્યાલ નથી,
પણ રાધા વિના ધડકનો જ સૂમસામ બની ગઈ.

શ્યામસંગ રાખ્યા જ્યાં રાધા એ પાવન પગલાં;
જગા તે હવે મારે કાજ તો ચાર ધામ બની ગઈ.

શ્યામ નો ઇશ્ક–એ–રાહ ભલે બહુ જ કઠિન હતો,
પણ રાધાના ઘરની ગલી તેનો મુકામ બની ગઈ.

દિવ્યેશ લખે છે જે કંઇ ગઝલો રાધા ની યાદોમાં,
તેના મિત્રોને કાજ તે ઇશ્ક–એ–પયગામ બની ગઈ.

😍 😍 😍

કોપિરાઈટ © દિવ્યેશ સંઘાણી – સર્વહક સ્વાધીન
+91 99786 44441 info@divyesh.in

# વરસું છું...

રાધાની યાદોનું વાદળ આંખમાં લઈ ચોમાસું થઇને વરસું છું,
રાધાની હર વખ્ત વર્તાતી કમીની વાત શબ્દોમાં હું ધરબું છું.

રાધાની યાદોની મૌસમ જાણે હવે બારમાસી થઇને જામી છે,
ડાળી પકડી તે શબ્દોની ને ફૂલ જેવો થઇને હું તેને વળગું છું.

રાધાનું જિંદગીમાં આગમન થયું તે પછી હાલત કોઇ પૂછે છે,
તો નજરોમાં વસી તેની તસ્વીર જોઇ અકારણ રોજ હરખું છું.

રાધા હવે મારી સમ્રગ સૃષ્ટી બનીને આંખની દુનિયા વસે છે,
તો પણ પામવા ને સપનાઓ માં સાત સમંદર પાર રખડું છું.

રાધા આંખો સામે છે એ રીતે ગઝલોમાં હાજરી તેની નોંધું છું,
સ્પર્શની આશમાં અનેક જન્મ થી વિરહ–એ–આગમાં સળગું છું.

રાધા જાણે છે કે ગમતા વ્યક્તિ થી દૂર વસવું કેટલું અઘરૂં છે,
હું તો મારી અધુરી રહેલી તે હાથોની ઇશ્ક–એ–હિના સજાવું છું.

રાધા પણ જાણી જશે જ્યારે તે મળશે તને ત્યારે ઓ દિવ્યેશ,
ઇશ્ક–એ–રાંહની હાલત ને ખોટી મુસ્કાન થી હું કેવી મઢાવું છું.

😍 😍 😍

# રાધા ને શ્યામ મળે...

રાધા ને શ્યામ મળે હવે કોઈ કારણ વિના,
કદાચ તે છૂટા પડે તો કોઇ ચણભણ વિના.

રાધા શ્યામનો ઇશ્ક છે ન કઇ પર્યાય તેનો,
ઇશ્ક કદી ન થાય કોઈ પણ સમર્પણ વિના.

શ્યામ ને રાધા તેની કેફી નજરો માં વસાવે,
તો આખી જિંદગી વિતાવે કોઇ દર્પણ વિના.

શ્યામ ની દિવાનગી પણ ઇશ્ક માં જરૂરી છે,
રાધા સાથે ઇશ્ક કંઇ ન થાય ગાંડપણ વિના.

રાધાને જો ભૂલવો હોય શ્યામ તો ભલે ભૂલે,
પણ શ્યામ કેમ જીવે રાધાના સ્મરણ વિના?

શ્યામ ના હાસ્ય થી છેતરાય ન જશો દોસ્તો,
રડયો છે આંખો માં આંસુઓનાં શ્રાવણ વિના.

રાધા રાધા ભજતા ભક્તોય પણ જાણે જ છે,
આ રીતે અલૌકિક ઇશ્ક ન થાય શ્યામ વિના.

શ્યામ ની જિંદગી પણ ન માંગે દોડતી આવે,
આમેય જિંદગી ક્યાં જીવાય પળોજણ વિના?

દિવ્યેશનો ઇશ્ક પણ શ્યામ જેવો નજર આવે,
શોધે હર ચહેરામાં રાધા કોઈ આવરણ વિના.

😍 😍 😍

# વાંક ક્યાં ગણવો...

શ્યામના સુનપણમાં રાધાનો વાંક ક્યાં ગણવો,
છળે જો શ્વાસો જ તો હવાનો વાંક ક્યાં ગણવો.

શ્યામ ઇશ્કની શ્રદ્ધા ગુમાવીને રસ્તે બેસી ગયા,
તો રાધાના તીરથ કે ધજાનો વાંક ક્યાં ગણવો.

દર્દ તો ઇશ્ક માં મળે એ જ જગતનો નિયમ છે,
દર્દની ઓથ લઇ હવે દવાનો વાંક ક્યાં ગણવો.

શ્યામને તેની જ હદ કેટલી છે એ ક્યાં ખબર છે,
તો હવે તેમાં રાધાના ગજાનો વાંક ક્યાં ગણવો.

શ્યામના ઇશ્કમાં જરૂર કોઇક કમી રહી લાગે છે,
તેના અધુરા ઇશ્કમાં રાધાનો વાંક ક્યાં ગણવો.

શ્યામ તો ઇશ્કની વિરહ–એ–અગ્નિમાં સળગે છે,
રાધા ઝંખતી શ્યામ તો તેનો વાંક ક્યાં ગણવો.

દિવ્યેશ આ મોરપીંછ થી આગળ કહીં નહીં શકે,
તો તેમાં મોર કે તેની કળાનો વાંક ક્યાં ગણવો.

😍 😍 😍

## ધબકું છું...

કહે છે રાધા હું ક્યાં કદી પણ સાચું બકું છું?
અરે! સાંભળો હું રાધાના દિલમાં ધબકું છું.

અનેક નજર શ્યામને કેદ કરવા તત્પર છે,
પણ હું રાધાની નશીલી નજરોથી છટકું છું.

શ્યામને કેટલાં રૂપ લેવા રાધાને મનાવવા,
પણ હું તારા જ રક્તિમ ચાંદલાનું ટપકું છું.

શ્યામ ખોવાયેલ રાધાના હસીન ખ્યાલમાં,
દ્વારીકા માં ખુદને શોધવા ઠેર ઠેર ભટકું છું.

યુગોથી રાધા તારા વિરહની આગ દિલમાં,
હવે ખુદના અશ્રુને અમૃત સમજી ગટકું છું.

રાધા હવે જે પણ કંઇ કહેવું હોય તે કહી દે,
કેમકે હવે તો હું ખુદને જ ક્યારેક ખટકું છું.

રાધા વિના શ્યામ સફરમાં રહ્યો છે એકલો,
જોગી બની હવે ક્યાં કોઇ જગ્યા એ ટકું છું?

દિવ્યેશ ઘણી વાતો કહેંવાની બાકી રાખે છે,
તને સમય નથી એટલે અહીં જ હું અટકું છું.

😍 😍 😍

## શ્યામ જ્યારે ઈશ્વર ન હોય..

શ્યામ કહે જ્યારે હું ઈશ્વર નથી હોતો,
ત્યારે ત્યારે હું ખરેખર રડતો રહ્યો છું.
દ્વારીકાનો આ આખો જ ખારો સમંદર,
મારી આંખના આશ્રુઓ થી બનેલો છે.

રાધા ફરી પાછી આવી મને લઈ જા,
ફરી એજ કંદબના ઝાડ ની છાયામાં,
જ્યાં છુટી ગઈ હતી મારી એ વાસળી.
અને તારી સંગાથે પ્રિત બંધાણી હતી.

રાધા આજ તને હવે જો સાચું કહું તો,
લઈ ચાલ જે પેલા યમુના ને કિનારે,
ત્યાં આપણે સંગ સંગ રાસ રમતા'તા.
જ્યાં દિલ સંગાથે મિત બંધાયા હતા.

નથી ભુલાતી તે દ્વારકાના દરબારમાં,
પહેલી પ્રિત ની પહેલી અમુલ્ય ક્ષણો,
ગોકુળ વિના અને યશોદા મયા વિના,
પણ રાધા વિના વિકલ છે આ શ્યામ.

કાશ હું રાધા થી દુર ન થયો હોત તો,
મારે ત્યારે કંસનો વધ ન કરવો પડત.
અજુનને ગીતા જ્ઞાન ન આપવું પડત,
અને ત્યારે મહાભારત ન રચવું પડત.

વધુમાં સાંભળ ઓ મારી પ્યારી રાધા,
આ કર્તવ્ય બોજ થી ન પીડાવું પડત,
રાધા તારા વિરહ માં જીવતો રહ્યો છું,
કેમ હું વધારે જ નિષ્ઠુર બની રહ્યો છું,

રાધા જ્યારે પણ હું ઈશ્વર નથી હોતો,
ત્યારે ત્યારે હું ખરેખર રડતો રહ્યો છું.
દ્વારીકાનો આ આખો જ ખારો સમંદર,
મારી આંખના આશ્રુઓ થી બનેલો છે.

હવે તો રુકમણી પણ તેવું મને કહે છે,
રાધા હવે ક્યારે પાછી આવવાની છે?
શ્યામ તારે પહેલી પ્રીત ભુલવાની છે,
તારી યાદોમાંથી તેને દુર કરવાની છે.

તારી સંગ મહારાસની વાતો સાંભળી,
તે ઈશ્કના મોતી રુકમણી ને જોવા છે.
તારી ને મારી પ્રિતની વાતો સાંભળી,
રુક્મણી પણ મારી સાથે ખુબ રડે છે.

રાધા ફરી પાછી આવી મને લઈ જા,
ફરી એજ કંદબના ઝાડ ની છાયામાં,
રાધા વિના શ્યામ જીવી નથી શકતો,
રુકમણી પણ આવું જોઈ નથી શકતી,

હવે તું પણ અહીંયા કેવી રીતે આવશે?
ખુદના હાથે જ પગમાં બેડી બાધી છે,
મારે તો હવે તારા વિના જીવવાનું છે.
વિરહનું હલાહલ વિષ ફરી પીવાનું છે,

દિવ્યેશ કહે શ્યામ જ્યારે ઈશ્વર ન હોય,
ત્યારે ત્યારે તે ખરેખર રડતા રહ્યા છે.
દ્વારીકાનો આ આખો જ ખારો સમંદર,
તેની આંખના આશ્રુઓ થી બનેલો છે.

😍 😍 😍

# આપણી વચ્ચે હતી...

રાધા આ બધી જ ચર્ચા આપણી વચ્ચે હતી,
તો પણ આખીય દુનિયા આપણી વચ્ચે હતી.

રાધા અને શ્યામ એકાંતમાં ક્યાં મળ્યા હતા?
તો પણ જો કેવી અફવા આપણી વચ્ચે હતી.

રાધા ને શ્યામ એક જ શ્વાસ થી જીવ્યા હતા,
ત્યાં એકબીજાની પ્રતીક્ષા આપણી વચ્ચે હતી.

રાધા આમાં કોંઈ ક્યાં કશુંય બોલવાના હતા,
આપણી પોતાની ઈચ્છા આપણી વચ્ચે હતી.

રાધા મારે ઈશ્ક–એ–અરમાન પૂર્ણ કરવા હતા,
અજૂગતી અભિલાષા ક્યાં આપણી વચ્ચે હતી?

રાધા આપણે ઈશ્ક–એ–ઝાકળમાં પલળવું હતું,
ક્યાં પુરા સમુદ્રની તમન્ના આપણી વચ્ચે હતી?

રાધા યાદ કર પુણ્યશાળી ઈશ્કની દરેક ક્ષણો,
કેટલી લીલીછમ અવસ્થા આપણી વચ્ચે હતી?

દિવ્યેશ એક ક્ષણમાં આવ્યો વનવાસ વર્ષોનો,
તે એક ક્ષણ કેમ શુન્યતા આપણી વચ્ચે હતી?

😍 😍 😍

કોપિરાઈટ © દિવ્યેશ સંઘાણી – સર્વહક સ્વાધીન
+91 99786 44441 info@divyesh.in

# નિખાલસ છે...

રાધા આ દિલની આશ છે છતાં તે આભાસ છે,
મહાદેવ જાણે હવે બાકી વધ્યા કેટલા શ્વાસ છે.

રાધાના જ સપનાંઓ રાતભર જોયા રાખ્યા છે,
તો હવે દિવસે તેને વીસરવાનો એક પ્રયાસ છે.

લાખો લોકોની ભીડમાં શ્યામ એકલો પડયો છે,
કોણ જાણે આ દિલ માટે રાધા જ કેમ ખાસ છે.

રાધા તું જ કે મને આ પ્રેમ, ઈશ્ક તે બધુ શું છે,
તે મળેલ બે દિલ વચ્ચેનો આ કેવો વિશ્વાસ છે.

રાધા હવે જિંદગી–એ–રાહોમાં શ્યામ થાકયો છે,
કેમ કે તારા વિના મારા બધા સપના નિરસ છે.

રાધા આ દિલ તો દિલ છે તે વિશે તું શું કહે છે,
કેમ આજે પણ તે કોઈ કારણ વિનાય ઉદાસ છે.

રાધાને શોધતા શ્યામ ખુદ કયાંક ખોવાયેલ છે,
છતાં પણ યુગોથી દિલને બસ તારી તપાસ છે.

દિવ્યેશ અહિં લખે છે તે તમારા માટે સરસ છે,
પણ તે લખાણમાં છુપો ઈશ્ક કેવો નિખાલસ છે.

😍 😍 😍

કોપિરાઈટ © દિવ્યેશ સંઘાણી – સર્વહક સ્વાધીન
+91 99786 44441 info@divyesh.in

# યાદ કરતી હશે શાયદ...

રાધા પણ ક્યારેક મને યાદ કરતી હશે શાયદ,
અને તેના ભાગ્યની ફરિયાદ કરતી હશે શાયદ.

અસીમ તન્હાઈમાં કેવો હશે એનો પણ આલમ,
તે રાધા અરીસા સંગ સંવાદ કરતી હશે શાયદ.

શ્યામે જે રીતે વ્યતીત કરી જિંદગી ઇંતેજારમાં,
તેમ રાધા પણ જન્મનો ખેદ કરતી હશે શાયદ.

શ્યામ ને કદી ન મળવાનું કહી છુટી પડી હતી,
હવે ફરી હું મળું એવી મુરાદ કરતી હશે શાયદ.

શ્યામ કેટલી વાર જાગી ગયો છે રાત મધરાતે,
રાધા ચૂપકીથી શ્યામને યાદ કરતી હશે શાયદ.

રાધા એ પણ જિંદગી–એ–ગણિત બદલાવ્યું હશે,
એક પછી એક સંબંધને બાદ કરતી હશે શાયદ.

શ્યામની કમી રાધાને હતી, ને નજર નમી હતી,
મારી વાત સખી સંગાથે યાદ કરતી હશે શાયદ.

શ્યામની યાદમાં આવેલા અશ્રુ જરૂર મધુર હશે,
રાધા તે પાવન અશ્રુનો સ્વાદ કરતી હશે શાયદ.

શ્યામ અહિં ગઝલ–એ–ઇશ્ક ને રજૂ કરી રહ્યો છે,
રાધા દૂર કહીંક દાદ પર દાદ કરતી હશે શાયદ.

દિવ્યેશ અહિં ખુદની જ આંખનો ક્યાં ભરોસો છે,
કમોસમ જ અશ્ક–એ–વરસાદ કરતી હશે શાયદ.

😍😍😍

# વરસવું પડશે...

રાધા ઇશ્કમાં બસ કમોસમ વરસવું પડશે,
પછી જિંદગીભર હર મોસમ તરસવું પડશે.

આપણે રહીં અહીં જ પણ પાસ આવવું છે,
તો થોડું રાધા એ થોડું શ્યામે ખસવું પડશે.

રાધા અછત છે જગ્યાની હવે આ નગરમાં,
લાગે છે મારે રાધાના દિલમાં વસવું પડશે.

રાધા ને ખુશ કરવી હવે આસાન રહ્યું નથી,
આમ મારે આંખમાં આંસું સાથે હસવું પડશે.

રાધા ઇશ્ક–એ–ક્રાંતિ કંઇ એમ જ નથી થતી,
એ માટે મારે આ ચકમક સંગ ઘસવું પડશે.

રાધા મળે ન મળે પણ તેનો અણસાર મળે,
એ દિશામાં જ આંખો બંધ કરી ધસવું પડશે.

રાધા ઝહેર જુદાઈનું જો મારે પચાવવું હોય,
તો થોડું થોડું રોજે રોજ ખુદ ને ડસવું પડશે.

દિવ્યેશ આ જિંદગી કેટકેટલાં રંગ બદલે છે,
શ્વાસ કોઈના ઉછીના લઈ લઈ શ્વસવું પડશે.

😍😍😍

# કોઈ સજા નથી...

રાધા વિના હવે જીવવાની કોઈ મજા નથી,
રાધા વિના અહીં રહેવાની કોઈ વજા નથી.

શ્યામને દિલની વાત મહેફિલમાં કહેવી છે,
પણ વાત રાધાની કહેવાની કોઇ રજા નથી.

આ દિલ મારું પણ તમારા દિલ જેવું જ છે,
રાધા તેમાં જુદા પ્રકારની કોઇ ઊરજા નથી.

રાધા આ મારા હૈયાનું હવે શું થવા બેઠું છે,
હવે જમાના સામે લડવાની કોઇ ભુજા નથી.

ઈશ્વર, અલ્લાહ બધા મહાદેવના સ્વરુપ છે,
તો મસ્જિદે કેમ મહાદેવની કોઇ ધજા નથી,

શ્યામ બધુ જોઇ મરી મરીને જીવી રહ્યો છે,
કેમ અહીં ઇશ્ક-એ-રાધાની કોઇ પુજા નથી,

રાધા ભુલશે આ શ્યામને તે કોને ખબર છે,
હવે અહીં તે રામ રાજયની કોઇ પ્રજા નથી.

રાધા વિયોગે છોડી દીધી દ્વારીકા નગરી છે,
લગાવી હું રાધા-એ-લગ્ની કોઇ રાજા નથી.

રાધા હવે આટલા ફુલડા મારે શું કરવા છે,
હવે તો યાદો ખૂશ્બુ ભીની કોઇ તાજા નથી.

રાધા કયારે બંધ દિલ-એ-દરવાજા ખોલે છે,
મારી હવે ગગન સિવાયની કોઈ છજા નથી.

દિવ્યેશ તો શ્યામ બની ઇશ્ક રાધાને કરે છે,
જેમાં યાદોને કેદ સિવાયની કોઇ સજા નથી.

😍 😍 😍

# હું શું કરૂં...

મારા મહાદેવનો જ બદલાય ગયો ઈમાન હું શું કરું?
ભુલી ગઇ કદાંચ રાધા મને હવે આજીવન હું શું કરું?

ગમતી નથી આરતી કે ન પસંદ મારી પૂજા રાધાને;
અજાણી લાગ્યા કરે છે તેને શ્યામની જાન હું શું કરું?

મારે ચડાવવા છપ્પન ભોગ ને છત્રીસ ગજની ધજા;
છતાં પણ મંદિરમાંથી ભાગી રહ્યા મહાદેવ હું શું કરું?

રાધાને રીઝવવા મેં શ્રાવણમાં રોજ નકરોડા કર્યા છે;
છતાં રાજી થયા નહીં તો રાખ્યા રોજા હવે હું શું કરું?

રાધાની બે આંખોમાં એક વખત ખુદને ભાળ્યા પછી;
દરેક આયનામાં ખુદને જ લાગું છું અંજાન હું શું કરું?

રાધા એ બિછવી માયા મારા દિલનો કબજો કર્યો છે;
હવે ખાય છે ભાવ દેવા માટે દિલમાં સ્થાન હું શું કરું?

રાધા વિના હું મરતા મરતા આજીવન જીવી રહ્યો છું;
સજા આપી જીવવાની લઈ ગઇ મારી જાન હું શું કરું?

રાધા કદી ન કર મનાઇ મને તારી આંખોમાં જોવાની;
તારી નજર–એ–જામ પીધા પછી આવે ભાન હું શું કરું?

દિવ્યેશને રાધા વિરહની તે અધુરી વાત સમજાવી છે;
તો ભુલી જઇ ખુદાઇ અહીં આવ્યોં છું નાદાન હું શું કરું?

😍 😍 😍

કોપિરાઇટ © દિવ્યેશ સંઘાણી – સર્વહક સ્વાધીન
+91 99786 44441 info@divyesh.in

## દાઝી જવાયું છે...

શ્યામે લખ્યું નામ રાધાનું દિલમાં તો દાઝી જવાયું છે,
કરીને ઇશ્ક રાધાને થયો બદનામ તો દાઝી જવાયું છે.

શ્યામને ઇશ્ક-એ-ગંગાનું ઝરણું હર જગા પર રોકવું છે,
આ ઇશ્ક-એ-ચાહતે લગાડયો ડામ તો દાઝી જવાયું છે.

રાધા વિનાની વાંસળીના સુરને પણ હવે ઘણું કહેવું છે,
ને પૂછે દ્વારીકાની રજ રજ પડઘમ તો દાઝી જવાયું છે.

શ્યામના ઇશ્ક-એ-વિરહ ને હવે દિલની બહાર વહેવું છે,
રાધા કાજ ભેધો મહાદેવનો કાળક્રમ તો દાઝી જવાયું છે.

શ્યામને ફકત તેની પ્રાણ સંગી રાધા સંગાથે બોલવું છે,
પણ ઉભા રહ્યા રીસાયેલા પ્રિયતમ તો દાઝી જવાયું છે.

શ્યામને હવે રાધા સંગ અનંત યુગોનું અંતર માણવું છે,
પણ રાધાના ઇરાદાઓ લાગે નરમ તો દાઝી જવાયું છે.

દિવ્યેશ ને અહિં અનંત યુગથી દિલમાં છુપેલું લખવું છે,
પણ રાધાના ચહેરા પર જોઇ શરમ તો દાઝી જવાયું છે.

😍 😍 😍

## નજર મળી છે...

રાધા નજર મળી છે તો દિલને પણ મળવા દેજો,
અને ધીરિ ધીરિ પાંપણોને પણ સહજ ઢળવા દેજો.

રાધા આજે અરીસા સામે પણ સુંદર જ દેખાય છે,
પણ આજ આપણાં પ્રતિબિંબને સંગ છળવા દેજો.

રાધા ક્યાં સુધી ગમ–એ–આંસુ સંગાથે લઈ ફરીશું,
થઈ પ્રિતની હેલી તો જાતને  થોડી પલળવા દેજો.

આંસુઓ સીંચી રાધાના ઘણા સપનાંઓ રોપ્યા છે,
હે મારા મહાદેવ તો હવે એકાદા તમે ફળવા દેજો.

રાધા ઇશ્કમાં આ શ્યામનું દિલ જે રીતે તડપ્યું છે,
તે સમજવા તમારી જાતને થોડી ટળવળવા દેજો.

રાધાને રંગ–એ–હિનાની ભેટ શ્યામે જ આપી હતી,
તો યાદમાં મારી હવે તેને અશ્રુમાં ઓગળવા દેજો.

રાધા ઇશ્ક–એ–જામ છલકી ને ક્યાં ખાલી થાય છે,
બસ હવે આ ઇશ્ક–એ–છલોછલ જામ ગળવા દેજો.

દિવ્યેશ તો ઇશ્ક–એ–રોશનીમાં બધી હદ વટાવે છે,
જોઇને આ દ્રશ્ય બળે કોઇના દિલ તો બળવા દેજો.

😍 😍 😍

## મળ્યું છે...

શ્યામે વિચાર્યું નહીં એવું ઇશ્ક-એ-ચંદ્રક મળ્યું છે,
આ દિલ સંસારમાં રાધાને સૌથી નજીક મળ્યું છે.

રાધા માટે જોયેલ એ સપનાઓ સાચા પડયા છે,
આજ મારા એ ઇશ્કને ઇનામ વાસ્તવિક મળ્યું છે.

રાધા યુગો બાદ હવે સમય મિલનનો આવ્યો છે,
જાણે મહાદેવની દુવાથી આ બધું બેશક મળ્યું છે.

રાધા એ અનંત ઇશ્કને પાછી દિશા મળી ગઇ છે,
આજ અધુરી-એ-ખ્વાહિશોને કોઇ ચાહક મળ્યું છે.

રાધાની ચાહત જ બસ હવે આ દિલમાં બચી છે.
આજ ઇશ્ક-એ-ખ્વાબને એક નવું શીર્ષક મળ્યું છે.

રાધાને ખુદ થી પણ વધુ શ્યામ યુગોથી ચાહે છે,
ઇશ્ક-એ-ઇબાદત થી દિલને કોઇ ધારક મળ્યું છે.

રાધા અનંત યુગ માટે ઇશ્ક-એ-મૌસમ મળ્યો છે,
જાણે આ દિલ-એ-ધડકનને કોઇ ચાલક મળ્યું છે.

રાધા સંગે આ દિલને તો બસ વાતો જ કરવી છે,
જાણે આ દિલ-એ-બેચેનીમાં કોઇ મોહક મળ્યું છે.

રાધાની વાત માટે દિવ્યેશ જેવા લેખક મળ્યાં છે,
જાણે વાત એની રજું કરવા કોઇ ગાયક મળ્યું છે.

😍 😍 😍

# યાદ આવે છે...

રાધા ન જાણે કેમ આજ બહું યાદ આવે છે,
દિવસ પછી કેમ ફરી અંધારી રાત આવે છે.

રાધાની યાદમાં આ અશ્રુઓ ક્યાં રોકાય છે,
અશ્રું લુંછુંયા ને ફરી ખારો વરસાદ આવે છે.

રાધાને વિધાતાએ બીજાને નસીબ દિધા છે,
હ્રદયમાં એના વિયોગની ફરિયાદ આવે છે.

રાધા આ બધામાં આપ્યું નામ નિયતિનું છે,
પણ ક્યાંક આપણા જ અપવાદમાં આવે છે.

રાધા ભલેને મારી નજરોથી ઘણી જ દુર છે,
પણ ધડકનમાં તારા નામનો સાદ આવે છે.

રાધા થકી જે હતું તે સર્વસ્વ વેરાન થયું છે,
મન-એ-મૌનમાં પણ તારો અવાજ આવે છે.

રાધાએ જ ઈશ્ક આ જીવનમાં સમજાવ્યો છે,
તો બસ હવે તે વાત જ બધી યાદ આવે છે.

રાધા કેમ આપણા ઈશ્કની આવી નિયતિ છે,
હવે હરપળ દિલમાં બસ તે ખ્યાલ આવે છે.

રાધા-એ-વિરહનો સમય કેમ ધીમો જાય છે,
મહાદેવ જાણે હવે મૃત્યુ પણ ક્યારે આવે છે.

રાધા કોઈ કહે તું પણ દિવ્યેશને યાદ કરે છે,
તો બે ઘડી માટે હવે શ્વાસોમાં શ્વાસ આવે છે.

😍😍😍

# સમજાવીશ નહીં...

રાધા ના પૂછ હવે મારા સપના હું બતાવીશ નહીં,
તું ના કહેશે તો તારા સપનામાં પણ આવીશ નહીં.

રાધા મને ભુલવા માટેના હર પ્રયાસ તો કરે જ છે,
જાણે છે છતાંય પણ એમાં તું ક્યારેય ફાવીશ નહીં.

રાધા કોઇ સુખ કે દુખમાં મારી યાદ આવી જાય છે,
તો તારી મખમલી આંખોને આંસુથી સજાવીશ નહીં.

રાધાની આંખોની ગહેરાઇમાં ગૌ–લોક ફરી જોવું છે,
ડૂબવા દેજે કથ્થઈ આંખોમાં તું મને બચાવીશ નહીં.

રાધા–એ–વિરહના આ જખ્મ મને ગમવા લાગ્યા છે,
હવે રહેવા દે તાજા તેને કોઈ મલમ લગાડીશ નહીં.

રાધા મારું નામ આ રંગ–એ–હિનામાં ક્યાં લખ્યું છે,
જાણું છું તું દિલમાં બીજુ નામ કદી લખાવીશ નહીં.

રાધા પણ દિવ્યેશના શબ્દોને ધરમૂળથી સમજે છે,
તું જે કંઇ પણ સમજે છે તે કોઈને સમજાવીશ નહીં.

😍 😍 😍

## રાધેશ્યામ થાય છે...

ઇશ્કનો અર્થ મને જ્યાં સમજાય છે,
તેનો મતલબ જ રાધેશ્યામ થાય છે.

આ લાગણીઓ જ્યાં હારવી હોય છે,
ત્યાંરે તે ઇશ્ક-એ-બાજીમાં ફસાય છે.

જ્યારે રાધા તેને નામ થી પુકારે છે,
ત્યાં શ્યામની ખુદાઇ પણ ખેંચાય છે.

લાગણીઓનું એવું તે કેવું ગણીત છે,
હમેંશા સાબિત જ કરવાનો પ્રમેય છે.

પ્રેમભાવ સંગાથે ભરોસો ઘોળાય છે,
તો રાધેશ્યામ નામ સંગ બોલાય છે.

અગલ અલગ છતાં પણ એક જ છે,
આવો જ પ્રેમનો સનાતન નિર્ણય છે.

અનેક યુગનો વિરહ દિલમાં છુપો છે,
છતાંય કેમ પાછા મળવાનું રહસ્ય છે.

યોગ નિદ્રા છોડી ને નિરાંતે ઉંઘવું છે,
સ્વપ્નામાં જોવું તારું સ્વરૂપ દિવ્ય છે.

યાદો રાધાની ગોકુળમાં છુટ્ટી પડી છે,
છતાં દિલ-એ-દ્રારકામાં રાધા પૂજાય છે.

દિવ્યેશ ઇશ્કમાં તમને જુદા પાડયા છે,
અંતે તેનો અર્થ તો રાધેશ્યામ થાય છે.

😍😍😍

# નવા વર્ષની નવી સવાર...

આવી નવા વર્ષની નવી સવાર છે,
જાણે આજે રાધાને શ્યામ મળ્યા છે.

ફૂલોમાં આવ્યા રંગીન પંતગીયા છે,
જે દિવસ રાત સંઘર્ષમાં સળગ્યા છે.

દિલમાં ખૂશ્બુ–એ–હિના સજાવવી છે,
કારણ હવે તેને પારખનાર મળ્યા છે.

ઇશ્કમાં દિલની બાજી હારવી પડે છે,
પછી પસ્તાવવું કે મન તો મળ્યા છે.

રાધા દિલની દિવાલે પથ્થર ચણે છે,
છતાંય શ્યામે પ્રેમના દાન આપ્યા છે.

ઇશ્કમાં બધા સપનાઓ સુંદર હોય છે.
પરંતુ ભગવાનને પણ દુ:ખ મળ્યા છે.

સમર્પણને ઠોકરો થી મંઝીલ બની છે,
તે પણ આજ નવી ઉમીદો લાવ્યા છે.

હવે ભૂતકાળની ભૂલો ખરવા લાગી છે,
નવી સિદ્ધિના નવા વિચારો જાગ્યા છે.

હર ક્ષણ હવે કંઇક નવું કરી જવાનું છે,
અનેક વિપદામાં તેને હસતા જોયા છે.

જીવનમાં ઇશ્ક રહે આગળ તે દુવા છે,
કૃતાર્થ બનો તે બીજને હજું વાવ્યાં છે.

દિવ્યેશે રાધાશ્યામને સંગાથે રાખ્યા છે,
તેને જ આપણે પ્રેમના ધાગે બાંધ્યા છે.

😍 😍 😍

# મળે છે...

રાધા અને શ્યામ જ્યારે સામે મળે છે,
રાધાને નિહાળી શ્યામને પ્રાણ મળે છે.

શ્યામને કોઇ મંદિરની ઇચ્છા ક્યાં છે?
રાધાના દિલમાં થી જ ખુદાઇ મળે છે.

શ્યામ સતત ખુદમાંથી ખસતો રહે છે,
જ્યારે રાધાના દિલમાં સ્થાન મળે છે.

જીવન સળગતું ને ઉકળતો સમય છે,
રાધાનો હાથ રાખી સંગ શાંતી મળે છે.

શ્યામની બધી ઇચ્છાઓ પૂરી થાય છે,
જ્યારે ઊંઘમાં રાધાના સપના મળે છે.

શ્યામ જો સંસાર-એ-સાગરમાં આવે છે,
તો રાધા પ્રેમની ખૂશ્બુ-એ-હિના મળે છે.

બધી દવાને સારવાર નકામી નીવડે છે,
જ્યારે રાધાની અસરદાર દુઆ મળે છે.

દિવ્યેશ રાત-દિ' ઇશ્ક-એ-માળા જપે છે,
કેમકે હવે રાધા મિલનના સંદેશ મળે છે.

😍😍😍

કોપિરાઇટ © દિવ્યેશ સંઘાણી – સર્વહક સ્વાધીન +91 99786 44441 info@divyesh.in

# યાદ આવે છે...

રાજ–પાઠ ને ઠાઠ–બાઠની પાછળ જુની યાદ આવે છે,
બચપણમાં ચરાવવા જતા તે ગાયોની યાદ આવે છે,
છુપાઇ છુપાઇ રડવું પડે જ્યારે રાધાની યાદ આવે છે.

દ્વારીકામાં નોકર ચાકર હાથ જોડીને સામે ઉભા રહે છે,
પરંતુ રાધા સંગાથે મળ્યો હતો તે આનંદ હવે કયાં છે,
છુપાઇ છુપાઇ રડવું પડે જ્યારે રાધાની યાદ આવે છે.

રાત'દિ વાતો કરવા હવે તો તરસ્યા જ ઘુમવું પડે છે,
કેમકે વાસંળીને રાધાની યાદોમાં વૃંદાવનમાં તોડી છે,
છુપાઇ છુપાઇ રડવું પડે જ્યારે રાધાની યાદ આવે છે.

ઇશ્ક હવે શ્યામની આંખોમાંથી વહેતો પ્રવાહ બન્યો છે,
અનંત પ્રેમની ધારાને હવે મનમાં છુપાવી ફરવાનું છે,
છુપાઇ છુપાઇ રડવું પડે જ્યારે રાધાની યાદ આવે છે.

દિવ્યેશ વૃદાંવનમાં કેમ દિલ–એ–બાજી હારવી પડી છે,
હવે તે જ વીતેલી ક્ષણો આ દિલને ખૂબ જ સતાવે છે,
છુપાઇ છુપાઇ રડવું પડે જ્યારે રાધાની યાદ આવે છે.

કોપિરાઇટ © દિવ્યેશ સંઘાણી – સર્વહક સ્વાધીન
+91 99786 44441 info@divyesh.in

# હું ઝંખું છું...

રાધા કહું છું આજ મારા મનની વાત કે હું શું ઝંખું છું,
બસ હવે અનંત સુધી ફકત રાધાનો જ સાથ ઝંખું છું.

રાધા હવે ફકત મને જ પોકારે એવો સાદ હું ઝંખું છું,
તેનો રંગ–એ–હિનાથી સજ હાથ મારા હાથમાં ઝંખું છું.

રાધાને સંભારણામાં નહિ પણ હવે સંવાદમાં ઝંખું છું,
વિરહ–એ–વેદનામાં બસ હવે હું મારી હમદર્દ ઝંખું છું.

રાધા ફરી એ વૃંદાવનને ફરી આપણું મિલન ઝંખું છું,
બસ દુર કરી સુદર્શનને ફરી હાથોમાં વાંસળી ઝંખું છું.

રાધા ફરી એ યમુના તટને ફરી એ મહારાસ ઝંખું છું,
જ્યાં દરેક ગોપીઓ સંગાથે રાધામાં ખુદને જ ઝંખું છું.

રાધાને હર સવારે ઉઠતાવેત જોવા માટે બહું ઝંખું છું,
બસ હવે તેના સાથને ઢળતા સુરજે દ્રારકામાં ઝંખું છું.

દિવ્યેશ આ પ્રેમ પંથમાં રાધાનો એક ઈશારો ઝંખું છું,
આવે ઠેસ તો સંભાળવા રાધાના જ સાથને હું ઝંખું છું.

😍😍😍

## શોધ્યા છે...

હૃદયમાં સંઘરી રાખેલ રાધાને આજ મેં તો કાગળે લખ્યા છે,
અદ્રશ્ય દિલ-એ-લાગણીના છોડને આંખોમાં મેં તો રોપ્યા છે.

આ જીવન સુકાયેલ પુષ્પ થયું છતાં મેં તો રાધાને જપ્યા છે,
મારા બધા જ અધૂરા શબ્દ હવે બસ રાધા નામમાં વસ્યા છે.

રાધાને નિહાળવા દ્વારકામાં જ આજે ઊંચા મોજાઓ ઉઠ્યા છે,
રોકવા તેને કિનારા પર પાળમાં આજ મેં તો તેને બાંધ્યા છે.

રાધા એ મારા નયનને લથબથ અને તેને જ કોરા રાખ્યા છે,
છતાં પણ આ મારા જ હૈયામાં મેં તો રાધાની રાખી જગ્યા છે.

રાધા આ પ્રેમ તો જ અધુરો જો મનનાં દ્વારને બંધ વાસ્યા છે,
જીવનસંગ્રામમાં ઝઝુમવા તેને જ શ્રેષ્ઠ શાસ્ત્રાર્થને સ્થાપ્યા છે.

રાધા પામવા આવી પ્રેમ સિદ્ધિને સમાજે કેમ તમને રોક્યા છે,
કરી જોજો સાહસ આજ તેઓ તમારા દિલ-એ-દ્વાર આવ્યા છે.

દિવ્યેશે હવે દરેક ચહેરાઓમાં બસ તમને જ રાધા શોધ્યા છે,
તો હવે તમે પણ પૂર્ણ કરો હર ખ્વાબ જે એક સંગ માણ્યા છે.

😍 😍 😍

# માથું ઊંચક્યું છે...

રાધાની યાદોમાં સઘળું મેં તો બસ ગુમાવ્યું છે,
આ જિંદગીભરના સત્યને મેં તો બસ હરાવ્યું છે.

ટચલી આંગળી એ ગોવર્ધન પર્વત ઊંચક્યો છે,
ને રાધાની પાંપણ નમતા મેં મસ્તક ઝુકાવ્યું છે.

આ હોઠે તો બસ રાધાનું જ નામ સદા જપ્યું છે,
હવે કદી ન ભુલાય તેવું જ દિલને સમજાવ્યું છે.

આખી જિંદગી હવે એકલા જ કેમ જીવવું પડે છે,
દ્વારકાધીશના ભાગ્યમાં આવું તે કોને લખાવ્યું છે.

રાધાની ખૂશ્બુ-એ-હિના દિલમાં ઊંડે સંઘરેલી છે,
જીવન ઉપર તો હવે ઇશ્ક-એ-અત્તર લગાવ્યું છે.

રાધા ઇશ્ક-એ-જિંદગી ક્યાં કદી આસાન હોય છે,
એક છેલ્લી જંગ કોને બાકી રાખવાનું જણાવ્યું છે.

દિવ્યેશ તો દિલ થી રાધા તારો સંગાથ માંગે છે,
આ જીવન તારા ઇશ્કમાં જ હવે માથું ઊંચક્યું છે.

😍 😍 😍

# કંઈ ગમતું નથી...

રાધા વિના હવે સુનું સુનું આ દિલ-એ-આંગણ ગમતું નથી,
ક્યાંય પણ હવે કેમ મને તારા વિનાનું તો કંઈ ગમતું નથી.

રાધા આ દિલ-એ-ભીતરમાં ધડકન પણ હવે સુની પડી છે,
મળીએ ત્યારે આ હાથોમાંથી હાથને છોડવું કંઇ ગમતું નથી.

રાધાના હર સપનાઓ સાકાર કરવા રચી દ્વારકા નગરી છે,
પણ હવે રાધા વિનાનું સુનું રહ્યું દ્વારકા તે કંઇ ગમતું નથી.

રાધા હવે શ્યામને માખણ માટે દ્વારકામાં જ ફરવું પડ્યું છે,
છતાં આ વાત અહીં કોઇ પણ ન જાણે તો કંઇ ગમતું નથી.

રાધા આવશે દ્વારકામાં તે આશને દિલમાં સાચવી રાખી છે,
હવે ફરવું પડે દિલ ઉપર પથ્થર રાખી તો કંઇ ગમતું નથી.

રાધા મેં આવા વિરહની રાતોમાં કલ્પના મિલનની ઘડી છે,
આખરે આ દિલને પણ બહેલાવવું પડ્યું તે કંઇ ગમતું નથી.

રાધાને જોઇ દિવ્યેશની દિલ-એ-દ્વારકામાં મોજા ઊછળ્યાં છે,
આવી દ્વારકા-એ-ગલીઓની ભીડ જોઇ હવે કંઇ ગમતું નથી.

😍 😍 😍

## આપણું આગણું...

રાધાના સાથિયા ચીતર્યા વિનાનું આપણું આંગણું,
યુગો થી પગરવની વાટ નિરખતું આપણું આંગણું.

રાધા આપી શકો તો આપજો બે પગલાનું છાપણું,
જનમો જનમનું તમારું રૂણી રહેશે આપણું આંગણું.

રાધા આ ઇશ્ક–એ–દૂનિયામાં મારું તો પ્રેમનું નાણું,
જપી તારી અનેક માળા રાહ જોવે આપણું આંગણું.

રાધા અનેક યુગોથી ભાંગવા મથતા ઇશ્ક–એ–મેણું,
આંખ્યુંને હૈયું સહીયારું સમણું જોવે આપણું આંગણું.

રાધા આજ સૂતો ત્યારે જોયું તારી સંગ એક શમણું,
તેમાં મુખ જોઇને તમારું મલ્કાયું છે આપણું આંગણું.

રાધા પછી આવે આંગણે અવસર ને ખુશીનું ઝરણું,
દૂરસુદૂર નૂપુરની ઝંકૃતિ ને સાંભળે આપણું આંગણું.

રાધા હવે દિવ્યેશ ઉઘાડે ભીતરનું અવાવરુ બારણું,
ભુલશો બધી ભુલોને તે આશાએ છે આપણું આંગણું.

😍😍😍

# રાધા રાધા...

રાધા રાધા ગઝલમાં હું લખું તો તેમાંય પણ મીઠાશ ભળે,
આવી બેસો સામે મારી તો આ હાથો તમારી સામે જ નમે.

રાધા નજર ના મળે તારી તો આ પગના અંગુઠા ભો ખોત્રે,
સરી જતી તારી લટોને જોવા આ આંખો મિથ્યા પ્રયાસ કરે.

રાધા તને કહેવાં શબ્દો પણ મારા ઉરમાંથી છલક્યા જ કરે,
તારું સ્મિત થતા હસ્તા ગાલમાં મસ્ત-એ-ખંજન જોવા મળે.

રાધા તે વાતો વિવાદોમાં ગઇ પણ હવે કહેવાની તક મળે,
દર્દ ભલે મારું હતું પરંતુ ફરિયાદ તમારી તેમાં શામિલ હશે.

રાધા મને તો આ ઝાંઝવાના નીર મળ્યા તેનો સંતોષ હવે,
તરસ છુપાવવા દોડતો હતો પણ હવે તારો જ સંગાથ મળે.

રાધા વિના વધેલી આ જિંદગીની ક્ષણો હવે તો ગૌણ લાગે,
તારો કૈફ જ કઈ એવો કે ખુદને મિટાવી દેવાનું જ મન કરે.

રાધાને મનભરી રોજ નિરખવાનું બસ જલ્દી મને પળ મળે,
દિવ્યેશ સ્મધિસ્ત થાય ત્યાં સુધી બસ રાધાનો જ સાથ મળે.

😍 😍 😍

# હું કરૂ શું...

રાધાની કમી દરેક જગ્યા પર વર્તાય તો હું કરું શું?
બસ હવે યાદો જ તેની આવી સતાવે તો હું કરું શું?

રાધા આ મારી આંખો તો હવે સાવ સોજેલી રહે છે,
જે દશ્યો સતત તારા જોવા માંગે તો હું બતાવું શું?

રાધા લોકો ચર્ચા કરે આ ચાંદા ના અજવાળાની છે,
પણ એ ચાંદ માંગે તારી જ ચાંદની તો હું આપું શું?

રાધાના જ દર્શનની ચાહત હવે શ્યામના હૈયામાં છે,
મહાદેવ પાસે જ બસ હવે તને માંગુ વધું હું કરું શું?

રાધાને આ દિલે કદી કયાં પથ્થર દિલ સમજ્યા છે,
છતાં હવે તમે તે જ રુપને કરો ધારણ તો હું કરું શું?

રાધા મારે તારા હાથમાં રંગ–એ–હિનાને સજાવવી છે,
પણ જો તું આવે જ સવાર પડ્યા પછી તો હું કરું શું?

રાધા લાગણીઓના શબ્દ તો દિવ્યેશ લખી રહ્યો છે,
પણ દિલ દરેક શબ્દમાં તને જ માંગે તો હું લખું શું?

😍😍😍

# પ્રીત જગાડે...

શ્યામ વાંસળીના સૂરે વૃંદાવન ગુજાવે,
રાધાના દિલમાં છુપાયેલ પ્રીત જગાડે.
શ્યામ વાંસળીના સૂરે વૃંદાવન ગુજાવે,
રાધાના દિલમાં છુપાયેલ પ્રીત જગાડે.

શ્યામ વાંસળી સંગ વીંટળાઈ સૂરો છોડે,
કોયલ ગાઈ હેલો ચડીને કંદમની ડાળે.
યમુનાની લહેરો દિલમાં નેહડો લગાવે,
રાધાના દિલમાં છુપાયેલ પ્રીત જગાડે.

પનઘટે પનિહારીઓ જળ ભરવા આવે,
મારગડો રોકીને શ્યામ ઓઢણીને જાલે.
કંકરો મારી મારી શ્યામ હેલી છલકાવે,
રાધાના દિલમાં છુપાયેલ પ્રીત જગાડે.

ગોકુળની ગલીઓમાં ગોપીઓના ટોળે,
રાધાશ્યામને જોવા માટે સૌ ડોળા ફાડે.
મનોમન ગોપીઓ પોતાનું હૈયું વલોવે,
રાધાના દિલમાં છુપાયેલ પ્રીત જગાડે.

દિવ્યેશ રાધાશ્યામ અનંત થી છે જોડે,
આવી પ્રીતને ક્યાં કદી કોઇ પણ ભાળે.
શ્યામ મનમાં શ્રી રાધે રાધે રટણ જપે,
રાધાના દિલમાં છુપાયેલ પ્રીત જગાડે.

😍 😍 😍

કોપિરાઈટ © દિવ્યેશ સંઘાણી – સર્વહક સ્વાધીન
+91 99786 44441 info@divyesh.in

# ભૂલી ગયો છું...

યાદ અપાવો યારો મને હું મારું નામ ભૂલી ગયો છું,
હવે યાદ નથી રહ્યું કેમ ને શું કામ હું ભૂલી ગયો છું.

ઇશ્ક કરતાં ન શીખ્યો કે ન ભક્તિ કરતાં શિખ્યો છું,
જોઈ રાધા અને મીરાંને હું ખુદને કેમ ભૂલી ગયો છું.

હરદમ જીવન ને મૃત્યુ નું જ રહસ્ય શોધતો રહ્યો છું,
પણ હર જન્મમાં મળ્યા ત્યાં હું ખૂદને ભૂલી ગયો છું.

વ્હાલું વૃંદાવન છોડીને હું બહુ દૂર તો આવી ગયો છું,
પણ દિલમાં વસ્યું ગામને વતન જ હું ભૂલી ગયો છું.

હર વખત હવે ખૂદની જ માયામાં હું ફસાઈ રહ્યો છું,
ક્યાંથી ક્યાં પહોંચ્યો છતાંય હું મુકામ ભૂલી ગયો છું.

રોજબરોજ હરાજીમાં આ દિલની બોલી લગાવું છું,
છતાં લાગણીઓના બજારમાં હું દામ ભૂલી ગયો છું.

અનંત જન્મો થી બસ હું જખ્મોને જ ગણી રહ્યો છું,
છતાં કોણે ક્યાં આપ્યા તે હું બધાં જ ભૂલી ગયો છું.

કોઈ જન્મમાં સીતાને, રાધાને કે મીરાંને જ મળ્યો છું,
છતાં આ જન્મમાં પણ કેમ હું તને જ ભૂલી ગયો છું.

મારાં દિલની અવાજ હજુ તું સાંભળે છે તે જાણું છું,
તેથી જ આ દિલ–એ–દરવાજા હજી ખુલ્લાં રાખું છું.

દિવ્યેશ આ ઇશ્કની રંગ–એ–હિના વિશે હું શું કહું છું,
જાણું છું શું થવાનું છે પણ હું અંજામ ભૂલી ગયો છું.

😍😍😍

# શ્યામ સાથે રાધાને...

શ્યામ સાથે રાધાને તો રીસ છે,
આ ખામોશી જ તેની ચીસ છે.

તેથી ભભૂકી આગ કોરોનાની છે,
છતાં હાથોમાં સૌના માચીસ છે.

બીજા વિશે મારે શું કહેવાનું છે,
મારે ખુદની જ કરવી તપાસ છે.

આ બધી જ માયા બધાં જાણે છે,
છતાં સૌ અહીં આવ્યાં પ્રવાસ છે.

બધાને જગમાં બધું આપ્યું જ છે,
છતાં વધું મેળવવા કરે પ્રયાસ છે.

અંતે એકલપણાથી કોણ બચે છે,
એ વિતે તે જ જાણે કેવું નીરસ છે.

જિંદગી જીવવાની મજા તો જ છે,
જો જીવનમાં થોડોક વિશ્વાસ છે.

પથ્થરાની પથારીમાં જે ઊંઘે છે,
જુવો એમાં તો મારો જ અંશ છે.

છતાં પણ મને માણસો શોધે છે,
આવા માનવો જ ચારસોવીસ છે.

દિવ્યેશ અહીં જ બેધડક કહે છે,
આ જે ઇશ્ક છે એ જ તો ઈશ છે.

😍😍😍

# મહેરબાની તમારી...

છે! આખી દુનિયા દિવાની રાધા રાણી તમારી,
છે! આખી દુનિયા દિવાની રાધા રાણી તમારી,
કોણ છે! એ જેના પર નથી મહેરબાની તમારી.

આખું જગત છે એક બાગ અને અમે તેનું ફુલ,
આ બધા ફુલોમાં રાધા અમે તો તારી નિશાની,
કોણ છે! એ જેના પર નથી મહેરબાની તમારી.

જે રીતે વહેતી ગંગા ને યમુના આ ધરા ઉપર,
તે જ રીતે વહેતો રહે ઇશ્ક રાધા રાણી તમારો,
કોણ છે! એ જેના પર નથી મહેરબાની તમારી.

આ તન તારૂં ને મન પણ તારૂં તો મારું શુ છે?
તારું તને સોપું છે એ નિશાની છે મારા પ્રેમની,
કોણ છે! એ જેના પર નથી મહેરબાની તમારી.

દિવ્યેશ તો ઉમ્રભર ગાતો ફરશે મહિમા તમારી,
આ દિલ–એ–આશા હવે સદા ચરણોમાં રાખજો.
કોણ છે! એ જેના પર નથી મહેરબાની તમારી.

😍😍😍

# શ્યામ બંસી મધુર વગાડે...

શ્યામ બંસી મધુર વગાડે, રાધાના મનમાં પ્રિત જગાડે,
બધા બંધનો તોડીને રાધે, યમુના તટ પર ચાલી આવે,
આજ અર્ધા અર્ધા રાધા શ્યામને મહાદેવ સંપૂર્ણ બનાવે.
શ્યામ બંસી મધુર વગાડે, રાધાના મનમાં પ્રિત જગાડે.

શ્યામ બંસી મધુર વગાડે, રાધાના મનમાં પ્રિત જગાડે,
ગોપીયો સંતાઈને ચાલી આવે, શ્યામ રાસલીલા રચાવે,
શ્યામ બંસી મધુર વગાડે, રાધાના મનમાં પ્રિત જગાડે,
આજ અર્ધા અર્ધા રાધા શ્યામને મહાદેવ સંપૂર્ણ બનાવે.

રાધાનો પ્યારો શ્યામ માથા પર મોરપીંછને મુકટ ધારે,
પ્યારી પ્યારી રાધા રાણી તો સકલ જગતમાં ન્યારી રે,
શ્યામ તન છે જગતમાં તો રાધા સકલ વિશ્વનો પ્રાણ રે,
આજ આ તન ને પ્રાણ આપી તે મહાદેવ સંપૂર્ણ બનાવે.

શ્યામ બંસી મધુર વગાડે, રાધાના મનમાં પ્રિત જગાડે,
રાધા શ્યામની આ નિરાલી જોડી હર યુગે જોવા મળશે,
કોઈ રાધા અને કોઈ શ્યામ બની પ્રેમ ગીત ગાતા રહેશે,
આજે રાધેશ્યામની પ્રેમ માયાને મહાદેવ સંપૂર્ણ બનાવે,

દિવ્યેશ આવા મધુર શબ્દો, બધાના મનમાં પ્રિત જગાડે,
બધા બંધન તોડીને યાદો, માનસપટ ઉપર ચાલી આવે,
આજ અર્ધા અર્ધા રાધા શ્યામને મહાદેવ સંપૂર્ણ બનાવે,
શ્યામ બંસી મધુર વગાડે, રાધાના મનમાં પ્રિત જગાડે.

😍 😍 😍

કોપિરાઈટ © દિવ્યેશ સંઘાણી – સર્વહક સ્વાધીન
+91 99786 44441 info@divyesh.in

# કૃષ્ણ માળા જપે...

કામણગારા કૃષ્ણ માળા જપે રાધા રાધા,
હર એક શ્વાસોશ્વાસ સાદ પાડે રાધા રાધા.

ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ઉપાડે,
બે હાથે પકડે વાંસળીને સુર રાધા રાધા.

પ્રીત વિયોગે ધ્યાન કા'નનું ધરે એ રાધા,
ને કા'ન પણ સદૈવ કીર્તન કરે રાધા રાધા.

કોઇ તેને પૂછો ખૂશ્બુ-એ-હિના કેમ હારવી,
પછી જિંદગીભર એ કા'ન ઝંખે રાધા રાધા.

મલકાતી મલકાતી ઓઢી શ્યામ ઓઢણી,
કા'નને પણ ઘેલું ઘેલું લગાડે રાધા રાધા.

હથેળીમાં ઇશ્ક-એ-હિના સજાવીને કહો,
ભાગ્યરેખામાં વાંચવાની વાત રાધા રાધા.

દિવ્યેશ કહે ધરો જો ધ્યાન પ્રેમનું હમેંશા,
તો શ્યામ આવશે સંગ રટવા રાધા રાધા.

😍 😍 😍

# આજ આવ્યો વરસાદ...

રાધા આજ આવ્યો વરસાદ ને હૈયું તો ભીંજાયું છે,
યુગો બાદ હવે સરોવર આ મનનું તો છલકાયું છે.

રાધા એ નજર મેળવીને કેવી અદાથી ઝુકાવી છે,
પછી મનોમન જ શ્યામનુંય મનડું તો મલકાયું છે.

રાધા આમ તો પ્રસંગ જ ફક્ત નજર મળવાનો છે,
પણ નજર નજરમાં જ પ્રેમનું પર્વ તો ઊજવાયું છે.

રાધા હર ઘડી આ જિંદગીનો રંગ બદલતો રહે છે,
મારા થી નાટક કદી હસતા રડતા તો ભજવાયું છે.

રાધા ગૌલોક છોડયું'તું હવે ફરી મળવાની ઘડી છે,
પછી ભીની ભીની આંખો અને દિલ તો હરખાયું છે.

રાધા આ વેદના ફરી ન લખવાનું નક્કી જ કર્યુ છે,
પણ છેલ્લી વારમાં જ કેમ અહીં કંઇ તો લખાયું છે.

રાધા તારા નગરમાં હવે દિવ્યેશ નીકળી પડ્યો છે,
જાણીતા ગામે અજાણ્યા બની ક્યાંક તો ભટકાયું છે.

😍 😍 😍

# એકલું કેમ જીવાય...

કોઈ પુછો બરસાનાની રાધાને કે મેવાડની મીરાને,
એક જિંવતરમાં બે બે જીવતર કેમ કરીને જીવાય?

તમે દૂર હોય તો દર્દે-એ-જિગરના કેમ રે સહેવાય,
વિરહની વેદના પછી શબ્દો બની કાગળમાં રેલાય.

રાધા મારી કોરી ધાકોર ઓશીકા ની ખોર ને પુંછજે,
તે પણ કહે મારી આંખ વરસે તેને ચોમાસું કહેવાય.

જીવતર કેમ વિતાવીશું તું ને હું નોખા મલકમાં રહી,
તું જ બોલ તારી છબીને સહારે જીવન કેમ જીવાય?

કેટલા જન્મની વેદનાં એક સાથે આંસુ બની વહેતી,
ઝાંઝવાની નદી બની પુછે હવે દરિયાને કેમ મળાય.

થોડા દીવસની વાત હોય તો મનને મનાવીયે રાધા,
પણ આખો જન્મારો આધા રહી જીવતર કેમ જીવાય?

દિવ્યેશ કહે જઇ કોઇ રાધાને મીરાને કે શ્યામને પુછો,
મળેલ આ માન્વાતર જીવતરમાં એકલું કેમ જીવાય?

😍 😍 😍

# ખબર ન હતી...

રાધા જેવી વ્હાલી સખી છોડી જવું પડશે તે ખબર ન હતી,
બરસાનાની એ જ ગલી છોડી જવું પડશે તે ખબર ન હતી.

યમુના કિનારો અને વ્રજની એ જ ગલીઓ સુની થઇ જાશે,
રાધા ને ગમતી વાંસળી છોડી જવું પડશે તે ખબર ન હતી.

શ્યામનો પ્રિય મિત્ર સુદામા કોણ જાણે ફરી ક્યારેય મળશે,
તાંદુલ ની મીઠ્ઠી પોટલી છોડી જવું પડશે તે ખબર ન હતી.

અર્જુન ને તે સમજાવવાં કે તારું યુધ્ધ તારે જ લડવાનું છે,
ગીતા નામની ચોપડીને છોડી જવું પડશે તે ખબર ન હતી.

શ્યામ ચક્રધર કેમ બન્યા એ પીડા વાંસળી જ જાણતી હશે,
પણ સુર છેડતી વાંસળી છોડી જવું પડશે તે ખબર ન હતી.

શ્યામ સૃષ્ટિને કાજ એકસોને આઠ પટરાણીના ધણી બન્યા,
પણ મનની રાધા રાણી છોડી જવું પડશે તે ખબર ન હતી.

દિવ્યેશ મીરાનો મોહન રાધાનો શ્યામ અને દ્રૌપદીનો કાન,
સંબંધોની એ જ ત્રીપદી છોડી જવું પડશે તે ખબર ન હતી.

😍 😍 😍

# શ્યામની યાદ...

ક્યારેક શ્યામની યાદ રાધા ને આવતી હશે,
ત્યારે એકાત માં રાધા ને કેવી રડાવતી હશે.

ઠુકરાવી દઇ શ્યામના ઇશ્કને ઇતરાતી ફરતી,
હવે તે જ નાદાની રાધાને પણ મૂંઝવતી હશે.

ક્યારેક તો રાધા ના દિલ-એ-દરવાજા સુધી,
આ દિલની ઇશ્ક-એ-ધુપ ત્યાં કેવી જતી હશે.

આવી સાવનની ઋતુ ને લાવી કાળી વાદળી,
જે રાધાના દિલ પર સિતમ કેવી ઢાળતી હશે.

જ્યારે પણ રાધા જોતી હશે ખુદને અરીસામાં,
ત્યારે શ્યામની યાદો તેને કેવી સતાવતી હશે.

ક્યારેક રાતમાં આવે રાધા ને શ્યામની યાદો,
તો હવે ઉંઘમાંથી જગાડી કેવી બેસાડતી હશે.

"દિવ્યેશ" ઠુકરાવી ગઇ તારો ઇશ્ક-એ-રંગ તો,
રાધા હવે ઇશ્ક-એ-હિના કેવી સજાવતી હશે.

😍 😍 😍

કોપિરાઇટ © દિવ્યેશ સંઘાણી – સર્વહક સ્વાધીન



# દિવ્યેશ

(લેખક)

દિવ્યેશ સંઘાણી માનવ સંસાધન, તાલીમ અને વિકાસ, પ્રદર્શન મૂલ્યાંકન, સુવિધાઓ વ્યવસ્થાપન, વ્યવસાય પરિવર્તન, સંગઠનાત્મક શિક્ષણ, નેતૃત્વ વિકાસ, ટીમ વિકાસ, નૈતિક નેતૃત્વ અને મદદ કરવાની ક્ષમતાના ક્ષેત્રોમાં ૧૨+ વર્ષોનો અનુભવ ધરાવતો એક બહુસાંસ્કૃતિક વ્યાવસાયિક છે. જે સંસ્થાઓમાં તેમની હાલની તાકાતને મહત્તમ કરે છે તેમજ સંસ્થાને માનવ સંસાધન અને વહીવટી સર્વિસને સંરેખિત કરવામાં વિશેષતા સાથે અસાધારણ પરિણામો પ્રાપ્ત કરવા માટે તેમની સામાન્ય મહાનતા બહાર લાવવા તેમાં ભારતીય આધ્યાત્મિક મૂલ્યોને અત્યંત અસરકારક રીતે જોડે છે.

કોઈએ સાચું જ કહ્યુ છે કે ગઝલ–એ–શેર લખવા માટે ઈશ્ક થવો લાજમી છે. જો ફક્ત પેન દ્વારા જ લખાતું હોત તો આજે બધી જ ઓફીસમાં ગાલીબ હોત. તે જે પણ ગઝલ–એ–શેર લખે છે તેનું કારણ છે તેના દિલમાં સસ્વતી તેને શબ્દો અપાવે છે, મનમાં લક્ષ્મી તેના વાકયો રચાવે છે અને તનમાં શકિત રુપે પાર્વતી હાથો દ્વારા લખવા માટે પ્રેરણા અપાવે છે.

આમ શકિત, લક્ષ્મી અને સસ્વતીના સુંગમ સંગત સાથે લઈ ને ગઝલકારોના વિશ્વમાં  જો પ્રવેશે  તો તેમની ગઝલોમાં અનેક પ્રકારે રાધા અને શ્યમના પ્રથમ પ્રેમનું તેના દિલમાં મેઘધનુષ રચાતું હોય ત્યારે એના વિવિધ રંગોને નીચોવ્યા વિના હેમખેમ રાખીને આપણને એના રંગમાં ભેળવે એ બહું મોટી વાત છે. તેની આંખે રાધા અને શ્યામ ના ઈશ્કનું મેઘધનુષ જોવું એ જાણે કે આંખના માટે અવસરની ગરજ સારે એવી વાત છે. અહિં દિવ્યેશ સંઘાણી એ ઈશ્ક, જિંદગી, વિરહ, યાદ, ખ્વાબ, લાગણી અને વિશ્વાસ એવા સાત વિષયના  સાત વિવિધ રંગો નું પૃથ્થકરણ અને સયોજન કર્યુ છે. તેમનો આ સંવેદનશીલ ગઝલસંગ્રહ આપ શ્રોતાઓને આવશ્ય ગમશે એવી આશા રાખી છીએ.

દિવ્યેશ જે. સંઘાણી